જૈન શ્વેતાંબર તેરાપંથી ધર્મનો ટુંકો

ઇતિહાસ

છપાવી પ્રસિદ્ધ કરનાર

વકીલ છોગમલજી ચોપડા

સેક્રેટરી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા

૧૫૬ ક્રોસ સ્ટ્રીટ સુતાપટી ત્રીજે માળે કલકત્તા.

મુદ્રક

નટવર એમ. વીમાવાળા

"ગાંડીવ" મુદ્રણાલય, હવાડિયા ચકલો, સુરત.

શુદ્ધિપત્રક.

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૫	લોકોત્રર	લોકોતર
૩	૮	ઈન્દિય	ઈન્દ્રિય
૩	૯	લોકોન્તર	લોકોતર
૩	૧૪	દ્રેષ	દ્વેષ
૩	૧૪	પર–મોહ	પરમોહ
૩	૧૪	દ્રેષ	દ્વેષ
૩	૧૫	રાગ ,,	રાગ ,,
૩	૧૬	દ્રેષ	દ્વેષ
૪	૨	ઓર	અથવા
૫	૮	લોકો	લોકોને
૬	૪	હોષી છું	દોષીત છું
૬	૭	કીચીત	કીંચીત
૬	૧૦	હોષી છું	દોષીત છું

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬	૧૮	એકન્હિય	એકન્દ્રિય
૬	૧૮	પંચેન્હિય	પંચેન્દ્રિય
૭	૧૫	કાગદ	કાગળ
૮	૧	ચતુવિધ	ચર્તુવિધ
૮	૧૬	છરીની	છરીથી
૯	૪	ઇચ્છાથી	ઇચ્છાની
૯	૧૫	કરાતે	કરાવે
૧૦	૮	જીવનો	જીવને
૧૦	૨૦	મારી	મારા
૧૩	૨૨	પિયત્તમા	પ્રિયત્તમા
૧૪	૧	આપધાત	આપઘાત
૧૪	૧૮	સુદર	સુંદર
૧૭	૧૫	પાત્પ	પ્રાપ્ત
૧૭	૨૩	ઉદ્દેશ્ય	ઉદ્દેશ
૧૮	૮	પ્રકટ	પ્રગટ
૧૯	૧૮	ઇન્દ	ઇન્દ્ર
૨૦	૩	મીથુ	મીઠું
૨૦	૪	અનુકંપાદાન આદાનથી	અનુકંપા દાનથી નાના

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૦	૯	વઢે છે	વધે છે
૨૧	૨	ચાદિત્ર	ચારિત્ર
૨૧	૧૧	ચિત્ર	ચિત્ત
૨૧	૧૫	ચિત્ર	ચિત્ત
૧૧	૧૬	અશું દ્ધ	અશુદ્ધ
૨૧	૨૦	ત્રણ કારણ	ત્રણકરણ
૨૧	૨૧	હરએક	હરેક
૨૨	૭	એવાદાનથી	એવા દાનથી
૨૨	૧૦	પરિગહ	પરિગ્રહ
૨૨	૧૭	ઊડા	ઊંડા
૨૩	૧૨	સાર્ગ	માર્ગ
૨૪	૧	પ્રકતિ	પ્રકૃતિ
૨૪	૧૮	સ્વામીથી	સ્વામીશ્રી
૨૪	૨૩	ધર્મની	ધર્મનો
૨૪	૨૩	ચારો	ચારે
૨૫	૧૦	સાધુ	સાધુએ
૨૬	૧	મહતકાંક્ષાને	મહત્વકાંક્ષાએ
૨૬	૩	એકાતરા	એકાંતરા
૨૬	૫	યોવનાવસ્થામાં	યોવનાવસ્થામાં હતા

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૭	૫	એકાંતએકાંત	એકાંત
૨૭	૯	આ દેશો	આદેશો
૨૭	૧૪	પડીલેહણપડી	પડીલેહણ
૨૭	૨૦	મંથણ	મંથન
૨૮	૨	વાળી હતી	વાળો હતો
૨૮	૪	અસુયાથી	અનુયાથી
૨૮	૨૩	ઢોવાઈ	ધોવાઇ
૨૮	છેલ્લી	અવસ્ધ	અવસ્ય
૩૦	૩	હો	હોય
૩૦	૪	આત્મા	આત્મ
૩૦	૬	રૂઘનાથજીની	રૂઘનાથજીના
૩૦	૬	ભરેલી	ભરેલો
૩૦	૧૭	જુઠી	જુઠો
૩૦	૨૧	સાચા	સાચો
૩૧	૧	વીનતીનો	વિનતીની
૩૧	૪	થયા	પામ્યા
૩૧	૫	કરાવાવાના	કરવાના
૩૧	૧૦	પાલવા	પાળવા
૩૧	૧૨	પાલવા	પાળવા

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૧	૨	ભીખણુજી	ભીખણુજી
૩૨	૩	આધાકર્મી	આધાકર્મી
૩૨	૮	જમવા	જામવા
૩૨	૧૩	રૂઘનાજી	રૂઘનાથજી
૩૨	૧૩	જેમલજીની	જેમલજીન
૩૪	૧	કહ્યા હે	કહ્યું છે
૩૪	૫	સ્માામીજી	સ્વામીજી
૩૪	૭	પરિષહા	પરિષહ
૩૫	૧૨	હરાવ્યો	હટાવ્યો
૩૫	૩	વૃયોવૃદ્ધ	વયોવૃદ્ધ
૩૫	૧૫	બતલાવ્યા	બતલાવી
૩૫	૧૬	કર્યા	કર્યો
૩૬	૨	સીરીયા	સીરીયારી
૩૬	૮	સીરીયા	સીરીયારી
૪૧	૧	આ આજ્ઞામાં	આજ્ઞામાં
૪૫	૮	પુળ	પુલ
૪૫	૧૨	સાચો	સાચા
૪૬	૨૦	મારી	મારા
૪૭	૧૦	મૃષવાદ	મૃષાવાદ

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૮	૧૦	માત્રને	માત્રનો
૪૮	૧૪	ખેત્ર	ક્ષેત્ર
૪૮	૧૫	ધન્ય	ધન
૪૮	૧૫	પાંગા	પગા
૪૮	૧૮	પેરા	પેટા
૪૮	૨૦	સુર્યાદય	સુર્યોદય
૫૪	૨	જીવ	જીન
૫૪	૨	જીણુ	જીન
૫૪	૨૨	લોકો ન	લોકોને ન
૫૫	૪	લક્ષણુમાં	લક્ષણુમં
૫૮	૧૩	ચાહે છે છે	ચાહે છે
૫૯	૧	નિાવકાર	નિવિકાર
૬૧	૫	ધમ	ધર્મ
૬૧	૮	ધન્ય	ધન
૬૨	૭	દયા નીરક્ષા	દયાની રક્ષા
૬૩	૨	અકારણીય	અકરણીય
૬૩	૧૧	વતિતા	વર્તિતા

પ્રસ્તાવના

સંસારમાં ધર્મ સંબંધી જુદી જુદી વ્યક્તીઓએ જુદા જુદા અર્થ કીધા છે પરંતુ આધુનિક જેટલા મુખ્ય મુખ્ય ધર્મ મત પ્રચલિત છે તેને અહીંસા ને સારા બતલાવ્યા છે જૈન ધર્મ અહીંસા તત્વ ને જેટલી મહ-ત્વા આપે છે. તેટલી બીજા કોઈ ધર્મ અહિંસાને આપતા નથી જૈન ધર્મમાં અહીંસાની વીશીષતા માટે અને પાળવા માટે વિશેષ ધ્યાન અને આલોચના કરી છે જૈન સંપ્રદાયના મુખ્ય બે વિભાગ શ્વેતાંબર ને દીગંબર છે તેમાં શ્વેતાંબરમાં મુર્તિપુજક સ્થાનકવાસી અને તેરાપંથી એમ ત્રણ શાખા છે એ ત્રણે શાખા આગમ યાને સુત્રને પ્રમાણ માને છે પરંતુ કોઈ ૮૪ આગમ કોઈ ૪૫ આગમ કોઈ બત્રીશ આગમ અને તેથી મલતી વાતો માને છે જૈનેતર આગમ પ્રમાણના ઝઘડામાં પડતા નથી

ન્યાય ને યુક્તી સંગત વાત માનવા તૈયાર છે તેથી જૈન શ્વેતાંબર તેરાપંથી સંપ્રદાયના મુખ્ય તત્વ જેના પર બીજા લોક ઉંડો વિચાર કરે નહી તે નાના પ્રકારની કટાક્ષ કરે છે માટે સરલ ભાષામાં તેના ઉપર પ્રકાશ કરવો ઉચીત ધારે છે.

સંસારી જીવ અનાદી કાળથી કર્મવશ જન્મ મરણને પ્રાપ્ત કરતા પરિભ્રમણ કરી રહ્યા છે કર્મોના સર્વથા નાશ થવાથી જીવ મુક્ત થાય છે કર્મથી જીવ બંધાઈ રહ્યો છે બંધનથી છુટકારો એ મોક્ષ છે કર્મોના ફળ ભોગવવા પડે છે શુભ કર્મ કરવાથી શુભ ફળ ને અશુભ કર્મ કરવાથી અશુભ ફળ પામે છે જગતમાં સાધારણ માલમ પડે છે કે જે કામ કરીએ તેનું તેવું ફળ મળે છે કોઈ કામનું ફળ તે વખતે માલમ પડે છે કોઈ કામનું ફળ પછી દેખાય છે પ્રકૃતિના આ નિયમ નીષ્ફળ જતો નથી.

સમસ્ત કર્મોથી છુટકારો મેળવવો એ જીવનો સ્વ. સ્વભાવમાં નિજગુણમાં વર્તવું છે જીવ સ્વભાવથી વીશુદ્ધ, ઉજ્જવળ, જ્ઞાનમય, ચૈતન્યમય છે જૈનેતર મતોમાં જો આત્માને પરમાત્માનો અંશ બતલાવે છે તે વાસ્તવમાં અંશ તો નહી પરંતુ આ અર્થથી સત્ય છે કે પરમાત્મા પરમેશ્વર અથવા મોક્ષ પ્રાપ્ત જીવ પોતાના સમસ્ત બાહ્ય કર્માવરણથી મુકત છે હરએક જીવ જ્યારે સમસ્ત બાહ્ય આવરણથી દુર થઈ સ્વ સ્વરૂપમાં બીરાજે છે ત્યારે પરમાત્મા થઇ જાય છે.

કોઈ પણ પ્રકારના બંધન આવરણ ન રહેવાથી તે જીવ

કે ફરી સંસારમાં આવતો નથી તે નિર્વિકાર અવસ્થામાં આત્મિક સુખમાં તલ્લીન રહે છે તે સુખ નિરવછિન્ન, નિરાબાધ છે બધા જીવ સુખને માટે ચહાય છે. લોકીક વૈષયિક સુખમાં શાંતિ નહી આશા ઇચ્છા અને આકાંક્ષાઓ પુર્ણ કરવામાં જીવને સાચા સુખ લોકોત્રર સુખ મલતું નથી.

સંસારી જીવ નાના મોટા સર્વ કલ્પનિક લોકીક સુખ પાછળ મંડી રહ્યા છે અને વૈષયિક અથવા ઇન્દ્રિય તૃપ્તિના સુખનેં લોકોન્તર સુખ માની રાખ્યા છે જીવ તૃષ્ણા, લોભ, મોહ, રાગાદિક ને વશ સામાન્ય ક્ષણીક લોકીક સુખને સુખ માની લે છે પરંતુ વાસ્તવમાં તેહ દુઃખનું કારણ છે અને સાચુ લોકોત્તર સુખ તેનાથી મલતુ નથી જુઓ "જૈન" ધર્મની ચોપડી જયાંસુધી રાગ-દ્રેષ પ્રબલ્ય સ્વજન પર મોહ, પરજન ઉપર દ્રેષ છે ત્યાં સુધી છુટકારો સંસારથી થતો નથી રાગદ્રેષ સમસ્ત કર્મોના બીજ શ્રી જૈનેશ્વરે ફરમાવ્યો છે પરંતુ દ્રેષ જેટલો જલદી ઓળખાય છે તેટલો રાગ જલદી ઓળખાતો નથી મમત્વ, મોહ, સ્નેહ, રાગ વીગેરે તેના બરોબરીયા છે પોતાના શરીરથી મમત્વ રાખવો મુકતીનો બાધક છે શરીરથી પ્યારૂ આ સંસારમાં બીજુ કોઈ નથી ત્યારે બીજા કોઇથી મમત્વ ભાવ, રાગ ભાવ સ્નેહભાવ, મોહભાવ મુકતીના લોકોત્તર માર્ગના બાધક જરૂર થશે જૈનધર્મમાં પરમ પુરૂષ વીતરાગ છે તેરાપંથી મત વીરૂદ્ધ કેટલાક લોકો એવી જુઠી વાત ફેલાવે છે કે એ મત દયાદાન રહીત

છે શુક્ષ્મ દ્રષ્ટિથી જો લોક કોઈ ધર્મ કે મતની સમીક્ષા કરે છે તે ગમે તે કહે પરંતુ ગહન ઓર સત્ય વીચારથી જોવાથી એ આક્ષેપ તદ્દન ખોટો છે એમ માલમ પડશે સંસારના તમામ કામ હિતાહિતની નજરથી વીચારાય છે સમાજમાં રહેવાથી નાના પ્રકારના બંધન દરેક મનુષ્યને સહન કરવા પડે છે વ્યકિતગત સ્વાતંત્ર અને સ્વછંદતા ને બધાના હીતને માટે સંકુચિત કરવા પડે છે સંસારિક અને સામાજીક હીતને માટે નાના પ્રકારના વૈષયિક કામ કરવા પડે છે સંસાર, રાષ્ટ્ર, દેશ અથવા સમાજની વૃદ્ધિ, ઉન્નતિ અથવા અર્થલાભ વીગેરે કામને માટે નાના પ્રકારની **હિંસાના કામ** કરવા પડે છે યુદ્ધ, વિગ્રહ, વ્યાપાર, વણજ વીગેરે કામમાં નૈતિક અથવા પરમાર્થિક ઉન્નતિનો લેશ માત્ર નહી આત્મીય સ્વજનં ઉપર મમત્વ ભાવ, સ્વજન પોષણ, દેશ કે રાષ્ટ્ર માટે મમત્વ ભાવથી બીજા રાજ્ય કે બીજા દેશવાલા જોડે નાના પ્રકારના સામ, દામ, દંડ ભેદાદી ઉપાયથી કાર્ય કરવા પડે છે પરંતુ તે સર્વ કામથી જીવનું કલ્યાણ થતું નથી એ બધા કામ સંસારી, ગૃહસ્થ, લોકીક ઉન્નતિ માટે સમાજની અંદર રહેવાથી કરે છે આત્મીક કલ્યાણ, લોકોત્તર કલ્યાણ તો મન, વચન, કાયાથી ત્રણ કરણને ત્રણ જોગથી કોઇ પણ જીવને દુઃખ પહોંચાડવું નહી, બીજાથી પહોંચાડાવવું નહી અને દુઃખ દેતા હોય તેની અનુમોદના કરવી નહી તેથી થાય છે અને એજ છકાયની દયા પાળવાનો ઉપાય છે શ્રી તીર્થંકરદેવે, શ્રી ગણધર

મહારાજે, શ્રી આચાર્યદેવે, શ્રી ઉપાધ્યાય ભગવાને અને શ્રી સાધુજીએ એજ દયા પાળી છે કોઈ પણ જીવને કષ્ટ આપવાથી આત્મા કલુષિત થાય છે પ્રાય સર્વે આર્ય ધર્મ હિંસાને દુષીત બતાવે છે પરંતુ આ સિદ્ધાન્ત સમ્યકત્વ પાળવાવાળા વીરલા મળે છે એટલું જ નહી પરંતુ અહિંસા તત્વ જે દયા ધર્મનો પર્યાયાન્તર છે તે સદગુરૂ વિના સમજવો કઠણુ છે.

જીવ હીંસા ખોટી માનવાવાળા ઘણા લોકો જીવ અજીવની ઓળખાણુ હોતી નથી એકેન્દ્રીયથી પંચેન્દ્રીય સુધી દરેક જીવને દુઃખ દેવું હીંસા છે પરંતુ કોઇ લોક એકેન્દ્રિય જીવને મારી પંચેન્દ્રિય જીવના પોષણમાં દોષ નહી કહે છે તે ન્યાય સંગત નથી થીર ચીત્તથી વીચારવું જોઈએ કોઈ લોક શ્રી વીતરાગે ફરમાવેલી દયાના રહસ્ય જાણુતા નથી અસંયતીનુ જીવવુ વાંછવામાં એટલે મોહરાગમાં ધર્મ સમજે છે આ જગ્યાએ એક ઉંડો પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે જીવ બચાવવા (કોઈની સામર્થ્ય નથી) અને જીવ ન મારવામાં શું ફેર છે બહારની નજરથી એક બીજાથી ફેર લાગતો નથી પણુ ઘણો ફેર છે સંસારમાં અનંતા જીવ સ્વકર્મ વશ મરે છે.

જ્યાં સુધી કોઈ જીવ પોતે બીજાને ન મારે ન મરાવે મારતાને ભલો ન જાણે ત્યાં સુધી બીજા જીવો મરે તેનો દોષ તેને માથે આવતો નથી કોઈ જીવ બીજા જીવને મારી રહ્યો છે તેને બચાવવાનો પ્રયાસ ન કરે તો શું ગુન્હો થાય છે હમારા ઉપર શું હક છે મારી આત્મ

ઉન્નતીમાં આ નિરપેક્ષ ભાવ સુખાધક થાય છે જ્યાં સુધી હું પોતે મારતો નથી બીજા પાસે મરાવતો નથી અને મારે તેને સારો સમઝતો નથી ત્યાં સુધી હું કેવી રીતે દોષી છું જોવાથી કે સાંભળવાથી દોષ લાગતો નથી જો લાગે તો કેવળીને બધો દોષ લાગવો જોઇયે જો કદાચ મારી સામે બીજા જીવ ને મારતો હોય તો મન વચન કાયાએ કરી કીચીત પણ તે કાર્યમાં ઉ-તેજીત કરે નહી સારો જાણે નહી જો હું બીજે કે ત્રીજે કરણે કરાવવું કે અનુમોદિત કરૂ તો દોષી છું પણ મારવાવાળાની હીંસામાં દોષ સમઝે અથવા તે હીંસાથી નીવૃત્ત થવા ઉપદેશ દેવામાં સફળ ન થાય અથવા ઉપદેશ દેવાનો અવસર ન હોય તો મરવાવાલા જીવનો કર્મોદય સમજી તટસ્થ ભાવ ધારે તો મારા કામમાં ન્યાયની દ્રષ્ટીથી કોઈ પણ દોષ લાગે નહી તર્ક માટે એ માની લીધું જાય કે પ્રત્યેક જીવનું કર્તવ્ય છે બળવાન બળથી દુર્બળનો બળપ્રયોગ કરી રક્ષા કરવી ઉચીત છે તો વીચારવાની વાત છે કે આ સિદ્ધાન્ત શું એકન્દિયથી લગાવી પંચેન્દ્રિય સુધી દરેક જીવ ઘાત માટે અને દરેક સમયે લાગુ થશે અથવા એક જીવ બીજા જીવને ખાવાનું સમજી મારે છે તેજ જગ્યાએ લાગુ થશે અથવા એક જીવ બીજા જીવને કૌતુહલ રમત વશ મારે તેમાં લાગુ થાય જીવ દયાના નામથી કર્તવ્યના માપની હદ રાખો ઉપરોક્ત હીંસામય કામમાંથી કયું રોકવું જોઇયે સંસારમાં બીજા મારફત જે હીંસાત્મક કાર્ય થાય છે તેમાં પોતાના સ્વાર્થની હાની કરી

જે હીંસાથી સ્નેહવશ રક્ષાના ભાવ પેદા થાય તેજ રોકવી સારી છે કે બીજી હિંસા આંખ બંધ કરી ઉપેક્ષા કરી જવું કર્તવ્ય છે.

એક જીવથી મરતો બીજો પ્રાણી બચાવી લેવો Thesreticauy કહેવા સારૂ માલમ પડે છે પણ (Practically) આ સીદ્ધાંત સર્વત્ર પાલવા યોગ છે ? છેલ્લી સીમા સુધી Extreme limits સુધી લઈ જવાથી મશ્કરી જેવું લાગશે બીજાથી મરતા જીવની રક્ષા કરવી તે તેના પર પ્રેમ, સ્નેહ, મોહ મમત્વ, રાગ ભાવથી થાય છે ત્યારે જ્યાં મોહમમત્વ સ્નેહ છે ત્યાં જીવને બંધન છે અને જ્યાં મારવાવાલાની અંતરીક કલુષતા ઉપદેશ દઈ હીંસાથી દુર કરવાને તેને હીંસાના બુરા પરીણામ સમજાવી હીંસાથી નીવૃત કરવા એ સાચુ કર્તવ્ય છે.

તેરાપંથી મતનો સિદ્ધાંતના રહસ્ય ન સમજી ઘણા લોકો બીજાની નીદા કરવા તથા ભોળાભાઈયોને બહેકાવવા માટે ગંભીર દાર્શનિક તત્વોને ઉલટાવી અનર્થક કાગદ શાહી અને સમયનો દુરઉપયોગ કરે છે જેવી જેની વતી થાય છે તે સ્હેજમાં છુટતી નથી પણ કોઈ મત સમજ્યા વગર અથવા સમજવાનો પ્રયત્ન કર્યા સીવાય પ્રતિષ્ઠિત લખનાર કલમ ચલાવે છે તે ઘણું ખોટું માલમ પડે છે.

જયારે આ દ્રષ્ટાંત દેવામાં આવે છે કે કોઈ દુષ્ટ વ્યકિત કોઈ અનાથ બાળકના પેટમાં છરી ભોકી દે તો તે બાળકને બચાવી લેવામાં તેરાપંથી પાપ સમઝે છે તેના પર વિવેચન જૈન જનતા ચાર વિભાગોમાં વહેચાય લી છે સાધુ, સાધવી શ્રાવક, શ્રાવીકાઆ ચારોના સમુદાયને

ચતુર્વિધ સંઘ કહે છે ચારે મુક્તિના ઇચ્છુક છે અને તેને માટે પ્રયત્ન કરે છે સાધુ સાધ્વી પંચ મહાવ્રતના પચખાણ ધારી હોય છે એટલે તેમને મન, વચન, કાયાથી કરવુ, કરાવવું અને કરે તેને અનુમોદવું આ ત્રણ કારણ સર્વથા અહીંસા અસત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરીગ્રહ એ પાંચ મહાવ્રત એટલે કોઈ પ્રકારે પાપ યાને સાવધ કાર્ય કરતા નથી કરાવતા નથી ને અનુમોદન કરતા નથી.

શ્રાવક, શ્રાવિકા ગ્રહસ્થી હોવાથી ત્રણ કરણ ત્રણ યોગથી મહાવ્રત પાળી શકતા નથી તેથી તે અનુવ્રતોને પોતપોતાના સામર્થ અનુસાર પાળે છે સર્વથા સાવધ પરિહાર તેનાથી થઇ શકતા નથી જો દ્રષ્ટાંત છોકરાના પેટમાં ચપ્પુ ભોકવાનો અપાય છે તેના ઉપર એટલુંજ કહેવું પુરતુ છે કે જીનાજ્ઞા પ્રમાણે ચાલવાવાળા જૈન સાધુ સાધ્વી એવા અવસરે મજકુરે અનાથ બચ્ચાને દુષ્ટ ઘાતકની છરીની બચાવી શકતા નથી તેઓ તો એવા અવસરે જો શંભવ હોય તો ઉપદેશ દઇ ઘાતક ને દુષ્કૃતથી નિવૃત્ત કરે અન્યથા આ જોવું અસહ્નીય હોય તો તે જગ્યા છોડી બીજી જગ્યા ચાલી જાય ઉપદેશથી હીંસકને સમજાવી દુષ્કૃત્યથી નિવૃત કરવો વીતરાગ પરૂપીત ધર્મ છે પણ બળ પ્રયોગ, લાલચથી શરમાશરમથી ખાઝે લાઝે, ત્રાઝેથી બચાવવામાં શ્રી જૈનેશ્વરનો ધર્મ નથી માટે બળપ્રયોગથી કોઇને કષ્ટ પહોચાડી બચાવી લેવો એ જૈનેશ્વર કથીત ધર્મ નથી જો એવી અવસ્થામાં નિર્દયતાનુ

કલંક બતાવે તો સાધુ સાધ્વી જે આ બાળકને નથી બચાવતા તે પાપ કરે છે સાધુ સાધ્વીને પુછવાથી કહે કે હમે સંસારથી ત્યાગી છૈયે હમારે સંસારીક રક્ષણની ઇચ્છાથી મતલબ નથી પણ તેઓએ તો સાવદ્યના ત્યાગ કીધા છે જો એ કામ સાવદ્ય નથી તો પોતે કેમ કરતા ત્યારે ઊત્તરમલે કે ગૃહસ્થના કોઈપણ કાર્ય કરવા સાધુ સાધ્વી ને મના છે હવે વીચારો જે કાર્ય સાધુ સાધવી કરે નહી તે કામ ગૃહસ્થી ન કરે તો શું ઘટયું વાસ્તવમાં ગૃહસ્થ સંસારી મનુષ્ય સ્નેહ, મમતા, મોહ ને વશ એવા સ્થળમાં બળ પ્રકાશથી બીજાના હાથથી નીરપરાધ જીવને બચાવવા કોશિશ કરે છે.

તો એમાં ઘાતકના આંતરિક ભાવોમાં ફેરફાર થયો નહી તેની કલુષિત ચિત્ત વ્રત્તીને સારા વીચારમાં ફેરવી ઘાતકને આરંભ હિંસાથી નિવૃત્ત કરાતે તો તેના આત્માનું કલ્યાણ થતે બાળક બચે કે મરે તે બાળકના સ્વકર્મ પ્રેરણા છે તેના બચવા મરવાથી લાભાલાભના ખ્યાલથી નહી પરંતુ ઘાતકની મનોવ્રતી સારે માર્ગે લાવવાનો પ્રયાસ છે તે સ્તુત્ય છે જૈન સિધાન્તોમાં અઢાર પ્રકારના પાપ બતલાવ્યા છે તે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તા દાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પર પરીવાદ, રતિ અરતિ, માયામૃષાવાદ, મિથ્યા દર્શન શલ્ય છે તેમાં રાગ (સ્નેહ મમત્વ) એક પાપ છે કોઈ જીવ પર મમત્વ ભાવથી બચા-

વવાનો પ્રયત્ન આત્માના રાગ (અનુરાગ, મોહ, સ્નેહ) ભાવ છે એ સર્વથા છોડવા જોગ છે સંસારી જીવ માટે સંસારીક પ્રેમ બંધન છુટવા અસ્વભાવિક છે પરંતુ નીષ્કામ ભાવથીનીર્વિરોધ ચિત્તથી પોતાની પ્રીય વસ્તુનુ અનિષ્ટ જોઈ કોઈ પ્રકાર માનસિક ચંચળતા ન આવવાના ભાવને જો સર્વ લોક ઉંડાં વીચાર ન કરે, દાર્શનિક તત્વોને ન સમજે, વીકૃત ધારણુ કરે છે તે મોટી ભુલ થાય છે."

"એક જીવનો ત્રાસ આપી બીજા જીવની રક્ષા કરવી રાગદવેષ છે રાગદવેષ એકાંત પાપ છે એ તો આઠમા, નવમા, દશમા ગુણુસ્થાન જીવો પર લાગુ થાય છે ત્યાં અંતરંગ ધર્મ બહુ ઉંચી કોટીના છે બાહ્ય ધર્મ પાલન કરવામાં પોતાના આત્માની કલુષતા અથવા પોતાના આત્માના દુઃખ દુર કરવા બીજા જીવની સહાયતા લેવી પડે છે જેમ કોઈ જાનવરનું દોરડું જેનાથી તે બાંધેલું છે તે બળવાન બીજો જાનવરના પંજામાં પડી જાય ને તે જબરજસ્તી તે પાણી તરફ ખેંચી રહ્યો છે અને તે દોરડીથી બંધાયલા જાનવરની તકલીફ જોઈ દુઃખ ઉત્પન્ન થાય કે જરા પણુ સહન કરીશ નહી તો મારી આત્માનું દુઃખ દુર કરવા (નહી કે તે જાનવરનું દુઃખ દુર કરવા) જો તે દોરડું કાપી નાંખી તે જાનવર છોડાવીને ગયા તો એવા બળપ્રયોગ કરવામાં પાપ નહી કેમકે એને તો પોતાની કલુષતા દુર કીધી છે પોતાને માટે બળપ્રયોગ કર્યો છે જાનવર માટે નહી" આવો તર્ક મારા એક મિત્રે કરી ઉપરોક્ત દ્રષ્ટાંત આપ્યું બંધાએલા જીવને છોડાવવાના કારણુ પોતાના

આત્માની કલુષતા દુર કરવાની બતલાવી એવી રીતે એવા મીત્રે એ પ્રકાશન્તરથી મારા સિદ્ધાંતનું સમર્થન કર્યું દુ:ખી જીવનો ઉદેશ સામે નહી રાખી પોતાની આત્માનો કલેશ દુર કરવા માટે કોઈ દુ:ખી જીવને બચાવે તો તે જગ્યાએ તેનું કામ આત્મિક કલ્યાણકારક થાય તે વીચારવાની વાત છે બીજા દુ:ખી જીવને જોઈ ગ્રહસ્થ માત્રના હૃદયમાં સ્વત: એક પ્રકારની સહાનુભૂતિ, સમવેદનાના ભાવ પ્રકટ થાય છે એ ભાવ ઉપર કથનાનુસાર આઠમા, નવમા, દશમા ગુણસ્થાન વર્તી જીવના ઉંચા પ્રકારના અંતરંગ ધર્મ નથી સાધુ મુનિરાજ અથવા ઉંચા ગુણસ્થાન વૃતિ મહાત્મા ગણ એ સંસારીક સમસ્ત મોહ મમત્વ છોડી દીધા છે. તે સંસારીક દુ:ખી જીવ જોઈ મોહમાન થાય નહી.

એ તો સર્વ સુખ દુ:ખ સ્વસ્વ શુભાશુભ કર્મના ફળ સમજી જીવોને કર્મ ફળના દૃષ્ટાંત બતલાવી સાવચેત કરે છે પરંતુ બંધન છોડાવવા આત્મિક કલ્યાણનું કારણ હતે તો આઠમા, નવમા, દશમા ગુણસ્થાનવાલાની વાત દુર રહી પણ છઠ્ઠા, સાતમા ગુણસ્થાનવાળા સાધુ મુનિરાજ પણ છોડાવતા નથી ને તેના અનુયાયી જવાબ પણ આપી શકતા નથી છઠ્ઠાથી ઉપરના ગુણસ્થાનવાલા મહાપુરૂષોનો એકજ સિદ્ધાંત છે માટે કોઈ પણ આવી જગ્યાએ બળ પ્રયોગથી જીવ બચાવવાંમાં ધર્મ સમજતા નથી વળી એ પણ વીચારવું જોઇએ કે બીજા જીવને દુ:ખી જોઈ હમારા મનમાં દુ:ખ ઉત્પન્ન થયું તે રાગ, સ્નેહ, મમત્વ, મોહ

ભાવ છે જીવનુ જીવવુ વં છે તે રાગ મરવુ વં છે તે દ્વેષ અને સંસાર સમુદ્રથી તરવું વં છે તે કલ્યાણુનો લોકોત્તર માર્ગ છે બાહ્ય બંધનથી છોડવવાથી દુઃખી જીવનુ દુઃખ દુર થતુ નથી તે જીવની કર્મ વર્ગના હટાવો સંવર નિર્જરાના માર્ગ બતુલાવી ભવિષ્યમાં જીવને કર્મ બંધનથી કલેશ ન થાય તેવો ઉપાય કરવાથી દુઃખનુ કારણુ રોકાય છે અને એજ શ્રી ભગવાનનો ઉપદેશ છે રાગ ભાવથી સંસારી જીવનો વધ, બંધ, તાડના ભય, શોકાદિ દુઃખ જોઈ કોઇ મનુષ્યના હૃદયમાં જો તીવ્ર દુઃખ થાય તે મોહ અનુકંપા છે તેથી આત્મા કલુષિત થાય છે પણ એ કલુષિતા દુર ત્યારેજ થાય કે દુઃખના કારણુભુત કર્મોના સ્વરૂપ સમજી તે કર્મોનો નાશ કરવા પ્રયત્ન કરાય કોઈ બંધાયલા જીવના બળવાન કૃત ઉપદ્રવ જોઇ બંધાયલા જીવનુ બંધન કાપી નાંખે તો પોતાની આત્માની કલુષતા દુર કરવાનો ઉપાય નથી આત્માની એવી કલુષતા દુર કરવા અનિત્ય અશરણાદિ બાર ભાવના વીગેરેનો વિચાર કરે કે અહોકર્મોની શું વિચિત્ર ગતિ છે આ દુઃખી જીવે કેવા કર્મો ઉપાર્જન કર્યા છે.

કે તે કર્મો આ રીતે સતાવે છે અને તેથી એ શિક્ષા લેવી જોઈએ કે કોઈને પીડા ન દેવી કેમકે તેના ફળ ભોગવવા પડે છે એવી ભાવનાઓથી લોકોત્તર કલ્યાણ થાય સંસારમાં ચારે બાજુ નજર કરીએ તો બળવાન દુર્બલ પર ચાહે તે કારણુથી અથવા ગમે તે નામથી અત્યાચાર ગુજારે છે પોતાના તરફથી કોઈને દુઃખ ન

પહોચાડવું દુઃખ ન પહોચાડાવવું અને દુઃખ પહોચાડતાને સારૂ ન સમજવું ત્યાંસુધી એ દુઃખ જોડે કોઈ તાલુક નથી હુમે તેના ભાગીદાર નથી જે દુઃખ દેશે તે તેનું ફળ ભોગવશે જોવાવાલા સાંભલવાવાલાની કોઈ જોખમદારી નથી જો જોવાથી ને સાંભલવાથી પાપ લાગે તો કેવલી અને સીધ્ધ ભગવાનને બધુ પાપ લાગવું જોઈએ બીજુ દૃષ્ટાંત.

૧ કોઈ ચોર બીજાનું ધન ચોરે છે કોઈ ચોરને કહી ચોરી કરાવે છે કોઈ તે ચોરને અનુમોદન કરે છે એ ત્રણે અદત્તાદાન (ચોર્ય્ય) કે વ્રતના ખંડન કરવાવાલા છે.

૨ કોઈ ત્રશજીવની હિંસા કરે છે કોઈ હિંસા કરાવે છે કોઈ હિંસાની અનુમોદના કરે છે એ ત્રણે અહિંસા વ્રતના ખંડન કરવાવાલા છે.

૩ કોઈ મૈથુન (કુશીલ)માં રત્ત છે કોઈ કહીને મૈથુન કરાવે છે કોઈ મૈથુન સેવવાવાલાની અનુમોદના કરે છે આ ત્રણે બ્રહ્મચર્ય વ્રતના ખંડન કરવાવાલા છે.

હવે કોઇ મહાત્મા ત્રણે પ્રકારના અદત્તાદાનના અહિંસા વ્રતના, અને બ્રહ્મચર્યના ખંડન કરવાવાલાઓને નાના પ્રકારની યુકિત તર્ક ઉપદેશાદિથી તેના કુકૃત્યથી નિર્વત કરી દે અને તેવી નિવૃત્તિથી ચોરી છોડવાથી ગૃહસ્થનુ ધન ગયું નહી હિંસા છોડવાથી જીવ વધ થયો નહી અને મૈથુન ત્યાગવાથી તે પિયત્તમા કામિની વિરહાતુર થઈ આત્મહત્યા કરે તો ધનરક્ષા,

જીવરક્ષાથી જો ધર્મ થાય તો સ્રીના આપઘાતનુ તે મહાત્માને અધર્મ લાગે બેઉને ચોર હીંસકને સમજાવવાથી બીજા ધણીના ધનરક્ષા ને જીવરક્ષા થઇ બ્રહ્મચર્ય ભંગ કરવાવાલાને સમજાવવાથી તેઓએ જાવ જીવ બ્રહ્મચર્ય પાળવાનો નીયમ લીધા તેમ કરવાથી તેની સ્રી આત્મહત્યા કરી જો પહેલા બે ઠેકાણે ધનરક્ષા ને જીવરક્ષા સમજવામાં આવે તો સ્રીની આત્મહત્યાના અધર્મ ઉપદેશદાતા જરૂર ન્યાયની દૃષ્ટિથી થશે પરંતુ વાસ્તવમાં ધનરક્ષા અને જીવરક્ષા અથવા સ્રીનો આપઘાત આ ત્રણે જોડે મહાત્માને કોઈ સંબંધ નથી તેઓનો ઉપદેશ ચોર, હિંસક અને મૈથુન ભોગીકુશીલીયા ને ગર્હિત કૃત્યોથી બચાવવાનો છે તે કાર્ય તેઓએ કર્યું તે કાર્યથી બીજાને લાભ અથવા મોત થયુ તેને માટે જવાબદાર નહી ઉપદેશ આપી કુકૃત્યોથી બચાવવાના પ્રત્યક્ષ અને તાત્કાલીક (Direct and immediate result) ફલ છે તેઓના આત્માને પાપ કાર્યથી નીવૃત્ત કરી ઉન્નત કરવા અને બીજાની આત્મા ઉન્નત કરવાથી સાધુને પોતાના મુક્તિ સાધનાના ધર્મનુ પાલન કીધું તેની પરોક્ષ એટલે સુદરવૃત્તી (Indirect and remote result) ફલ સ્વરૂપ જો ધનરક્ષા, જીવરક્ષા અને સ્રી હત્યા થઈ તેને માટે મહાત્મા ન્યાય કે તર્કથી ફળભાગી નથી અને તેના તે કર્તા નથી કેમકે તેઓએ ચોર, હિંસક, કુશિલીયાને તારવા ઉપદેશ આપ્યો છે ધનરક્ષા, જીવરક્ષા, સ્રીહત્યા માટે ઉપદેશ નથી આ સિદ્ધાંત તેરાપંથી સંપ્રદાયના પ્રવર્તક શ્રીમદ પુજનીય

શ્રી ભીક્ષુસ્વામીજીએ નાના દોહરામાં સમજાવ્યો છે.

જીવ જીવે તે દયા નહી, મરે તે તો હિંસા મતિ જાન
મારણવાલાને હિંસા કહી, નહી મારે હો તે તો દયા ગુણખાન

અર્થાત અનંતા જીવ સંસારમાં જીવી રહ્યા છે તેની દયા નહી અનંતા જીવ સંસારમાં મરે છે તેની હિંસા નહી મારવાવાલાને હિંસા લાગે, નહી મારે તેને દયા પાળી બહાર દૃષ્ટિમાં આ સિદ્ધાંત લોકીકમતથી જુદા હોવાથી નવો માલમ પડે છે પરંતુ બારીક વિચાર કરવાથી સ્વકર્મ પ્રમાણે મરતા જીવતા રહે છે ત્રણે કરણ ત્રણ યોગથી પોતાની આત્માથી કોઈ જીવ ન મારવો ન મરાવવો ન ભલો જાણવો એ પોતાની આત્માની ઉન્નતીના ઉત્કૃષ્ટ સાધન અને બીજાને પાપથી છોડાવવા ઉપદેશ આપી હિંસાથી નિવૃત કરવા તે પણ આત્મિક વિકાશ છે અન્યથા ફકત જીવ રક્ષા નિમિત બળપ્રયોગ કરી બીજાને હિંસાદિથી નિવૃત્ત કરવાથી તેમાં શું લાભ થયો તે જુવો જેને હિંસાથી જબરીથી નિવૃત્ત કિધો તેની મનોવૃત્તિમાં ફરક થયો નહી. (no change of heart) જ્યાં સુધી મનોવૃત્તીમાં ફરક નહિ ત્યાં સુધી તેને હિંસાને હિંસા સમજી ત્યાગ નહી કીધા કાલસૌરીક કસાઇ માફક બળવાનના બળપ્રયોગથી તે એક વખત હિંસાથી નિવૃત્ત થયો પણ માનસિક ફેરફાર (change of heart) ન થવાથી તેની આત્મ ઉન્નતી થઈ નહી જે જીવની રક્ષા થઈ તેની રક્ષાની દૃષ્ટિથી વિચાર થાય તો માલમ પડે કે બચનારની આત્માનું શું કલ્યાણ થયું ! તે જીવ એક હીંસકથી બચ્યુ પરંતુ બીજા હિંસકથી

બચવા ગેરન્ટી નહી મલી ને તે હિંસક જીવ ઉપર દ્વેષ ભાવ રાખશો રક્ષક તરફ મમત્વ રાખશો તો રાગદ્વેષના કડવા ફળ ભોગવવા પડશે આત્મિક ઉન્નતિ માટે રક્ષિત જીવને કોઈ પણ સાધન રક્ષકથી મલ્યું નથી. જો તે જીવ એકાંત સ્વભાવથી (perfect equanimity) હિંસક જીવ પ્રત્યે કષાય રહીત થઈ સ્વકર્મ ફલના કારણ હમારી એહ હિંસા કરી રહ્યા છે મારા આત્મિક ગુણ છે તેનો એ નાશ કરી શકતો નથી દેહને પ્રાણથી જુદા કરે તો મને પ્રર્વાહ નથી.

હુ સ્વકર્મ ફળ સમજી હિંસકની હિંસાની ઉપેક્ષા કરીશ પણ આ હિંસક મારી હિંસા કરતા કેટલા પાપ ઉપાર્જન કરે છે હું એને એના નિજકૃત પાપથી નિર્વત કરી શકતો નથી એવી રીતે આ લોચના ચિંતવન કરવાથી પોતાના કર્મ બંધન શિથિલકર બીજાને કર્મબંધનથી બચાવવા પોતાની અસામર્થ્યનો વીચાર કરે તો શુદ્ધ ઉત્તમ ધ્યાનથી આત્મ વીકાશ કરી શકે છે રસ્તે ચાલતા જીવના હૃદયમાં Third party mere spectator તે હિંસક ને જોઈને હણનાર પ્રતિ પર દુઃખ કાતરતાકા રાગ ભાવ અથવા હિંસક ઉપર દ્વેષ ભાવ હોય તો આત્મ ચિંતવન દ્વારા સંસારીક રાગ દવેષોને અનર્થના મુળ સમજી ઉક્ત કાર્યોની નીંદના, ગર્હના કરવાથી પોતાના હૃદયની કલુષતા દુર કરી શકે છે સંસારમાં જીવ માત્ર નાના પ્રકારના સ્વઉપાર્જીત દુઃખ અથવા કષ્ટ ભોગવી રહ્યા છે. તેનાથી કોઈ પણ જ્ઞાનીનો હૃદય મલીન થવો ન જોઈયે

અજ્ઞાનીની વાત જુદી છે હૃદયના કાલુષ્ય મલીનતા તો પોતાના કોઈ કુકૃત્યને માટે અથવા પોતાના રાગભાવ, મોહ, મમતા, સ્નેહ, પ્રેમ બંધનથી થાય છે રાગ, મોહ, સ્નેહ, પ્રેમ એ સર્વ સંસારના બંધન છે સંસાર મુક્તિનો બાધક છે અધ્યાત્મિક ઉન્નતિમાં અંતરાય ભુત છે જ્યારે પોતાના આત્માને માટે સર્વેના ધ્યેય લક્ષ્ય એમ છે કે સંસાર પરિભ્રમણ મીટાવી મુક્તિમાં જવું સંસારિક સમસ્ત બંધનોથી છુટકારો પામવો ત્યારે બીજા જીવની રક્ષાને માટે લોભ કરવો તે મોહ અથવા સ્નેહવશ થાય છે સાંસારીક જીવન ધારણ કરવા કોઇનું ચરમ લક્ષ નથી તેમ કોઇને જીવાડવાને અસંયમ જીવીતવ્ય વંછવામાં મોક્ષ માર્ગ સાધકને ફાયદો નહી.

સમસ્ત કર્મોથી અલગ થવું બધા કર્મો પર વિજય મેળવવો એજ ધર્મનું લક્ષણ છે અથવા આત્મિક સુખ પાત્પ કરવામાંજ જૈન લોક પોતાનું કર્તવ્ય સમજે છે. સંસારમાં સર્વ જીવ અખંડ સુખ ચાહે છે પરંતુ તેના યથાર્થ સાધન અથવા માર્ગ જાનતા નથી ઇન્દ્રિય જનિત સુખમાં લીન થઈ પોતાની આત્માને કર્મથી ભારી કરી સુખ ને બદલે દુઃખ મેળવે છે મનુષ્ય જન્મ પામી કર્મ રહીત થઈ આત્મિક સ્વભાવમાં રહેવું અર્થાત મુક્તિ જવું લોકોત્તર માર્ગ લેવો એજ જૈન ધર્મનો સાર છે. સંસારમાં રહેવું જૈન ધર્મનો સાર નથી સંસારથી મુક્ત થવું જીવને શાસ્વત સુખમાં તલ્લીન કરવો જૈન ધર્મનો ઉદ્દેશ્ય છે એ ઉદ્દેશ આ લોકની આશાએ, પરલોકની આશાએ, જીવનની

આશાયે, મરણુની આશાયે, ભોગ વિલાસની આશાયે કરવો તેજ મમત્વ છે જૈન ધર્મનો સાચો સમજનાર સંસારીક સુખને વંછતો નથી સાચા સુખને પ્રાપ્ત કરવાના સાધનથી જરૂર સંસારિક સુખ પણ ઉત્પન્ન થાય છે શાસ્ત્રીય શબ્દોમાં કહેવાય છે કે નિર્જરા નીકરણીથી પુણ્ય પોતાની મેળે લાગે છે જેમકે ખેડુત ઘઉં માટે ખેતી કરે સાથે ઘાશ છોડા પોતાની મેળે થાય છે માટે દરેક માણુસનું કામ છે કે પોતાના નિજ ગુણ પ્રકટ કરવાનો ઉદેશ રાખે જૈન ધર્મનો સાચ્ચો ઉપાશક જન્માંતરમાં વૈષયિક સુખની પ્રાપ્તિ થાય એમ માનતો નથી ક્ષણીક સુખ મેળવી જીવતો રહું એવી કલ્પના કરતો નથી સંસારિક દુઃખો સહન ન થવાથી અસમર્થ થઈ મૃત્યુ ચહાતો નથી નાના પ્રકારના ભોગ વિલાશ સુખની આશા કરતો નથી જૈન ધર્મનો ઉપાશક મરવું, જીવવું, સુખ દુઃખમાં સમભાવ રહી જન્મ મરણને દુર કરી શાસ્વત આત્મિક સુખને માટે ચહાય છે આ સિદ્ધાંતની પુષ્ટી બીજા ધર્મોમાંથી પણ મલે છે જેમ ગીતામાં કહ્યું છે કે "સુખં દુઃખં સમં કૃત્વા લાભાલાભો જયા જયો."

આવો ઉચ્ચ ધ્યેય જેનો હોય છે તે બીજાના મરણથી મોહ પામતો નથી બીજાના શારીરિક વધ બંધ તાડનાદિકના કષ્ટથી વિચલિત થઈ ક્ષણીક દુઃખથી મુક્ત કરવાને માટે બીજાને હાથે બચાવવાને લીધે ઉદ્યમ કરવો એ એ મુખ્ય સમજતા નથી દુઃખ કષ્ટોના છુટકારા તો કર્મબંધનથી મુકત થવાથી થશે તે જૈની માત્ર જાને છે પોતાના કર્મ બંધન કાપવા માટે તેનો ઉદ્યમ થાય છે

તેમજ બીજાના કર્મ કાપવા માટે ઉત્સાહહિત કરવા તેને માટે તેને જ્ઞાન, દર્શન, ચારિત્રના સાહાય આપવી કર્તવ્ય સમજે છે બીજા સંસારિક રક્ષણ, સંસારિક કૃત્ય રાગદવેષ સહીત છે કોઈની સ્નેહવશ બીજાના હુમલાથી રક્ષા કરવી તે પોતાના કે તેના જ્ઞાન, દર્શન યા ચરિત્ર ગુણની વૃદ્ધિના સહાયક નથી જરા સ્થીર ચિત્તથી વીચારો કે નિષ્કામ જૈન ધર્મ નિર્મમત્વ, નિર્મોહસ્ત, વીતરાગત્વથી હરેક આદમીને ઉત્સાહિત કરે છે સંસારિક સમસ્ત દુઃખ, કષ્ટોને પોતાના કર્મોદયથી આવેલા માને છે વીરની માફક સામનો કરી ભોગવવા માટે જૈન ધર્મ લોકોને કહે છે હર તરેહની આવેલી આફત જૈન ધર્મ બીલ્કુલ અવિચલિત ચિત્તથી સામના કરવા કહે છે તે ધર્મમાં જીવ રક્ષાનો બીજો અર્થ થવો સંભવ નથી પોતાથી કોઈ જીવને કષ્ટ ન પહોંચે પુર્વ કર્મ ફળ સ્વરૂપ બીજાથી ન પહોચાડાવે કોઈ કષ્ટને દૂર કરવા મનુષ્ય તો શું પણ દેવતાની તાકાદ નથી ભગવાન મહાવીર ને જેટલા દેવતા મનુષ્ય કૃત ઉપસર્ગ થયા તેમાં અનુકમ્પા અથવા દયા કરીને કોઈ દેવતા, ઇન્દ્ર દૂર કરી શકયા નહી વળી તે લોક નિશચેષ્ટ કેમ રહ્યા શું તે લોક દયા નહી સમજતા હતા.

દયાના વિષયમાં ઉપર કહ્યું હવેદાનના વિષયમાં કહું છું પ્રાય એમ કહેવાય છે કે તેરાપંથી જૈન પાંચ મહાવ્રતધારી સાધુને છોડી બીજાઓને દાન આપવામાં પાપ બતલાવે છે દાન શબ્દના ઘણા અર્થ છે શ્રી સ્થાનાંગ

દશ પ્રકારના દાન શ્રી જૈનેશ્વરે બતાવ્યા છે.

૧. રોગાર્ત, શોકાર્ત, કૃપણ દીન, માણસને ગાજર, મુળા વીગેરે કંદમુળ, અનંત વનસ્પતિ કાયિકજીવ મીઠુ, પૃથ્વી કાય, એકેન્દ્રિય જીવ, અગ્નિ, પાણી વીગેરે અનુકંપાદાન (આ દાનથી નાના પ્રકારના એકેન્દ્રિય જીવોને આપી અયોગ્ય પાત્ર જે હિંસા, ઝુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહમાં રકત છે તેનું પોષણ કરવાથી જીવની ઉન્નતિનું શાધન નથી પાત્ર સુપાત્ર નહી ચીજ દેવા લાયક સુજતી નહી તે દાનથી સંસાર વઢે છે.

૨. કેદીઓને પૈસા આપી છોડાવવા તેનું નામ સંગ્રહદાન છે તે જીવની ઉન્નતિ લાયક નથી.

૩. ગ્રહ, શાંતિને માટે અથવા બીજી શાંતિ સ્વસ્તાયનને માટે ઘરના અથવા બીજા બ્રાહ્મણોને દાન આપે છે તે ભયદાન છે તે સંસારીક કષ્ટથી કરી આપવાનું છે પરલોકનુ કલ્યાણ નહી

૪. મરે તેની પાછળ ત્રીયો, બારમુ, તેરમુ કરે ભોજન કરે તે કાલુણી દાન કહેવાય છે તેથી આત્માને લાભ નહી લોકીક પ્રથા છે.

૫. વાર્ષીક, છ માસી, શ્રાદ્ધમાં લોક લજ્જાથી જે અપાય તે લજ્જા દાન છે સંસારિક પ્રથા છે.

૬. લગ્નમાં વરકન્યાને વેવાઈને પહેરામણી, મોસાળુ વીગેરે દાન દેવાય છે તે ગર્વ દાનથી સંસારીક વહેવાર છે.

૭. નટ, નટી, મલ્લાદિને ખુશ થઈ કુપાત્ર ગણીકાને

અપાય તે અધર્મ દાન છે સંસારની મોટાઇ છે.

૮. ધર્મશિક્ષાનુ દાન, સમ્યકત્વ ચારિત્રનુ દાન, અભય દાન છ પ્રકારના જીવને ન મારવા તે ધર્મદાન છે તે લોકોત્તર માર્ગ છે જીવ તેથી મોક્ષે જાય છે.

૯. સચિત્ર દ્રવ્યાદિક પાછા લેવા માટે આપવા તે કાયંતિ દાન છે આત્માની ગરજ સરે નહી.

૧૦. પરસ્પર સામાજીક પ્રથાનુસાર લ્હાણુ, મોજણું, ચાંલ્લો તે કંતતી દાન છે તેથી જીવ કર્મથી મુકાય નહી.

આ બધામાં આઠમું ધર્મદાન જેમાં જ્ઞાનદાન, અભયદાન, સુપાત્રદાન મળે છે તેજ સાચુ દાન છે તેમાં ચિત્ર, વીત્ત, પાત્ર ત્રણે શુદ્ધ છે તેજ ઉત્કૃટ દાન છે શુદ્ધ મનથી શુદ્ધ સુજતી વસ્તુ સુપાત્રને આપે તેજ ઉત્કૃષ્ટ દાન છે બીજા શુદ્ધ મનથી કુપાત્રને શુદ્ધ વસ્તુ આપી અથવા શુદ્ધ હૃદયથી અશુદ્ધ ચીજ કુપાત્રને આપી ઇત્યિાદિ ચિત્ર, વિત્ત, પાત્ર ત્રણેમાંથી એક પણ અશુધ્ધ છે તે દાન અશુંધ્ધ છે તે પર લોકના કલ્યાણ હેતુ નથી કારણ કે તે દાનનું પ્રકૃષ્ઠ ફળ મળતુ નથી સુપાત્ર તેજ છે કે જે હિંસા કરે નહિ, જુઠુ બોલે નહી, ચોરી કરે નહી, મૈથુન સેવે નહી, પરિગ્રહ રાખે નહી ત્રણ કારણને ત્રણ જોગથી તેજ સુપાત્ર છે હરએકને દાન આપવામાં સંસારિક ઉપકાર છે પરંતુ ઉખર ક્ષેત્રમાં બી વાવવાથી નીર્થક જશે હિંસક, જુઠા, ચોર કુશીલીયા અને પરીગ્રહ ધારી ને જે આપવુ છે તે અસંયમમાં સહાય છે તેમાં લોંકોત્તર સુફળની આશા

રાખી શકાય નહી, દીન દુઃખી જે દેખાય છે તે પોતાના કર્મ વશ દુઃખ પામે છે તેને સહાય કરી ધર્મમાં દ્રઢ કરી સમચિત્તથી દુઃખ કષ્ટ સહન કરવા ઉપદેશ કરવો એજ તેના દુઃખને દૂર કરવા રૂપ સાચો ઉપકાર છે રૂપીયા પૈસા અન્ન, પાણી વીગેરે ક્ષણીક ઈન્દ્રિય સુખ આપવાથી તે વખતે દીન દુઃખીની આત્માને ઉન્નત કરતા નથી એ વાદાનથી સાધારણ સંસારિક ઉપકાર અથવા કીર્ત્તી સીવાય બીજો લાભ નહી વીવેક બુધ્ધિથી આ સર્વ દાનની યોગ્યતા વીચારવાથી માલમ પડશે કે અયોગ્ય પાત્રને સચિત્તાદિ આપી અથવા રૂપીયા પૈસા, પરિગહ અપાવી તેની ક્ષણીક તૃપ્તિથી તેને કર્મ બંધનના રસ્તા ખોલી પરલોકીક બંધનમાં બંધ કર્યા છે એવા દાનથી સંસારમાં પણ લાભ નથી એક માત્ર ધર્મના રસ્તામાં સુમાર્ગમાં લાવવાથી ઉત્કૃષ્ટ દાન છે બીજા દાન નામ માત્ર છે ન્યાયની કસોટીમાં આ પ્રશ્નને રાખી આત્મિક ઉન્નતિ જ્ઞાન, દર્શન ચારીત્રની વૃધ્ધિથી વીચારવું સામાજીક કે વિષયિક લાભાલાભથી આ વાત વિચારવી નહી તેરાપંથી સિદ્ધાંતોના ઊંડા તત્વો દેખડાવ્યા છે જે ભાઈને તેરાપંથી મત સીદ્ધાંતો દેખડાવ્યા છે તે ભાઈ વિશેષ માહીતી મેળવવા ચાહતા હોય તેઓએ તેરાપંથી મુનીરાજો શં. ૧૯૯૭ના વૈશાખ મહિનામાં સાણંદ ધાંગધ્રા તરફ વીચરે છે તેઓથી જાણે બીજાની કલ્પિત જુઠી વાતો પર ધ્યાન ન આપે પોતે સંતસંગ કરે જાણે શ્રી ૧૦૦૮ શ્રી તુલસીસુરીજીનું શં. ૧૯૯૭ ગુજરાતી સાલનું ચોમાસુ રાજલદેશર (બીકાનેર) છે તેઓને પૂછે તેરાપંથી

જૈનિયોના આત્મિક ઉન્નતિનો આદર્શ બહુ ઊંચી કોટીનો છે સંસારિક ઉન્નતિ કામી વ્યક્તિઓને તે ઉલટુ માલમ થાય પરંતુ ધર્મ મુક્તિનુ સાધન છે અને સંસારથી મુક્તિ બહુ દૂર છે આ બંનેની તુલના કરો સંસારિક ઉન્નતિ અને મોક્ષની ઉન્નતિ, સંસારીક સુખ, મોક્ષીક સુખ જૈન ધર્મ અથવા કોઈ પણ મત જેમાં આત્માની મુક્તિનો પંથ બતલાવ્યો છે સંસારિક ઉન્નતિની પરીક્ષા કરે પરંતુ આ વાત જરૂર ધ્યાન રાખે કે મોક્ષ પંથના પથિકની આત્મિક શકિત હશે તે હજારો, લાખો, ક્રોડો, સંસારિક ઉન્નતિ પ્રયાસી વિષયભોગ લોલુપ મનુષ્યોમાં હોય તેના કરતાં હૃદયશકિત અનેકગુણી વધારે છે છતાં સામાયકમાં જે કાર્ય થાય તે મોક્ષ સાર્ગ ન થાય તે સંસારનો માર્ગ ટુંકામાં સમજો.

નામ ધરાવે સાધુ જૈનના, વળી કહેવાય સુરીએશ
પાંચ મહાવ્રત લીધા પાળે નહિ, પાળે તેનાથી દવેષ
બેવડા મુર્ખ પ્રભુએ કહ્યા, પ્રથમ આચારંગ દેખ

શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સમ્પ્રદાયનો ટુંકો ઈતિહાસ પહેલા આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી ભીખણજીસ્વામી મહારાજ જૈન શ્વેતાંબર તેરાપંથી મતના પ્રવર્તક પ્રાતસ્મરણીય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી ભીખણજી સ્વામી મહારાજનો જન્મ અષાઢ સુદ ૧૩ સંવત ૧૭૮૩ જુલાઇ સને ૧૭૨૬ અંગ્રેજીએ મારવાડ કંટાલીઆ ગામમાં થયો. પીતાં બલુજી સુખલેચા માતા દીપાબાઈ ઓશવાલ

ભાવીના ભદ્ર પ્રકૃતિના અને જન્મ્યા હતા સ્વામી ભીખણજીને નાની ઉમરથી ધર્મની વિશેષ રૂચી હતી માતાપીતા ગચ્છવાસીના અનુયાયી હતા તેથી પહેલા આ સંપ્રદાયના સાધુ પાસે આવવુ જવુ થયુ પરંતુ ત્યાં તરશ છીપાઈ નહી તત્વાનુસંધાનને માટે પોતીયાબંધ સાધુઓને ત્યાં ગમનાનુગમન કરવા લાગ્યા ઘણા દહાડા તેના અનુયાયી રહ્યા બાહ્યાડંમરની અધીકતા અને સાચા ધાર્મીક લગનનો અભાવ માલમ પડયો તેને છોડી જૈન શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાયની એક શાખા આચાર્ય શ્રી રૂઘનાથજીથી ભક્તિભાવ કરવા લાગ્યા જેના હૃદયમાં વૈરાગ્યની તીવ્ર ભાવના છે માટે જ્યાં સુધી તે ભાવનાને અનુકુળ સંગ નહી મળે ત્યાં સુધી સાચા માર્ગના અનુસંધાન કરતા રહે છે. હૃદયની ભાવના જેટલી અધિક તીવ્ર થાય છે અનુસંધાનનો વેગ પણ તેટલો જ જોરદાર રહે છે સંસારના જેટલા મોટા મોટા દાર્શનિક,: ધર્મ પ્રચારક તથા વીજ્ઞાન વેત્તા આદી થયા છે તેઓને પુર્ણ આત્મતૃપ્તિ થઈ નહી ત્યાં સુધી પોતાના લક્ષ તત્વગવેષણા કર્યા કરી છે સ્વામીથી ભીખનજીને પણ તેમજ થયું સત્યની તપાશમાં હતા જ્યાં સુધી તેઓના હાથમાં ન આવ્યું ત્યાં સુધી તેના અનુસંધાનમાં લાગી રહ્યા.

જૈન ધર્મ એક વખત બહુ ઉન્નત ધર્મ હતો અને રાજ્ય ધર્મ હોવાથી તે ભારત વ્યાપી થયો હતો એક વખત જૈન ધર્મની વિજય ચારો બાજુ ફેલાઈ હતી પરંતુ રાજનૈતિક ફેરફારથી તેના અનુયાયી ઓછા થતા

ગયા અને ધર્મ પ્રચારક સિથીલ થઈ ગયા લાકડામાં ધુમાડો લાગવાથી જે પ્રકારે દુર થઇ શકતો નથી તેવી રીતે પતન થવાથી ઉત્થાન માટે એક મોટી શકતીની જરૂર હોય છે જૈન ધર્મના અભ્યુદયથી વારંવાર મોટા સુધારક ધર્મ પ્રચારકો મારફ્ત પ્રયત્નો થાય છે સં. ૧૫૩૦ની આશપાશ શ્રી લુકાજી મહેતા નામના સદગ્રહસ્થ થયા જેણે જૈન શાસ્ત્રો ને વાસ્તવિક રહસ્ય અને અર્થનો પ્રચાર શરૂ કીધો પરંતુ કેટલોક વખત બાદ તેના અનુયાયી કાલના પ્રભાવથી શીથીલાચારી થયા તેની પરૂપણા પણ બદલાઇ ગઈ. પછી લવજી નામે સાધુ શુદ્ધ પરૂપણા કરવા પ્રયત્ન કર્યો પણ તે શાસ્ત્રીય આદેસો ને સર્વથા શાસ્ત્રીય રૂપમાં પ્રચાર કે પાલન કરી શકયો નહી સાધુને માટે બનાવેલા મકાનમાં રહેવાવાલાને સ્થાનક વાસી કહે છે એવા ઉદેશીક મકાનોમાં રહેવું જૈન શાસ્ત્ર મનાઇ ફરમાવે છે લવજીએ સ્થાનક વાશ છોડી દીધો અને પુટેલા તુટેલા મકાન અર્થાત ઢુઢોમાં રહેવું શરૂ કર્યું તેથી તેઓનો સંપદાય ઢુઢીયા કહેવાવા લાગ્યા ધીમે ધીમે ઢુઢીયામાંથી બાવીશ શાખાઓ થઈ એક શાખાવાલા બીજાથી જુદા રહે છે કંઈક ફેરફાર સહીત ધર્મ પ્રચાર કરે છે તે બાવીશ સંપ્રદાયની એક શાખા આચાર્ય રૂઘનાથજીને ભીખણજી એ પોતાના પ્રથમ ગુરુ બનાવ્યા શરૂઆતમાં આવી રીતે જુદા જુદા ધર્મસંપ્રદાયોના સંસર્ગમાં આવવાથી અને જન્મથી વૈરાગ્ય હોવાથી ભીખણજીના હ્રદયમાં સંસાર ત્યાગ કરી સાધુ માર્ગ સ્વીકાર કરવાની ઇચ્છા થઇ તે વૈરાગ્ય ભાવના અને

સાધુ થવાની મહતાકાંક્ષાને એટલુ જોર પકડયું કે સ્વામી ભીખણુજી એ ગૃહસ્થાશ્રમમાં સર્વથા શીલ પાલવાવૃત લીધુ સાથે એકાતરા ઉપવાસ કરવા શરુ કર્યા તેજ વખતે પોતાની સ્રીનું દેહાવસાન થયું ભીખણુજીનો વૈરાગ્ય ભાવ વઢવા લાગ્યો અને પુર્ણ યૌવનાવસ્થામાં છતાં ઘરવાલા ની એક વાત સાંભળી નહી ફરી પણુવાના સોગંદ હતા.

હવે જલ્દીથી દીક્ષા લેવાનુ કહ્યું ભીખણુજીના પીતાનુ દેહાવશાન એની વહુ પહેલા થયુ હતુ ફકત માતાની આજ્ઞા લેવાની હતી.

ભીખણુજી જ્યારે ગર્ભાવસ્થામા હતા ત્યારે માતા દીપાબાઈએ સિંહનુ સ્વપ્ન જોયુ હતુ તેથી માતાની ધારણા છોકરો પ્રતિષ્ઠિ મહાપુરૂષ થશે ! માટે પોતાના પુત્રની મોટી આશા રાખતી હતી ભીખણુજીને દીક્ષા માટે આજ્ઞા લેવા પ્રસંગ આવ્યો ત્યારે એની માતાનો પ્રેમ જાગ્યો સિંહ સ્વપ્નથી પુત્રની ભાવી મહાનતાના સુચક હતા તે આંખો સામે નાચવા લાગી જો માતા પોતાના પુત્ર માટે ઉચાશાપોષણ કરે છે અને તેના ભાવી એ સ્વર્ગની કલ્પના કરી પુલી સમાતી નથી તે માતા સામે પુત્રના સંસાર ત્યાગના પ્રસ્તાવ આવ્યો ત્યારે તો પોતાની બધી આશાઓ નિષ્ફળ થતી જોઈ માતાના સ્નેહમય હૃદય વધારે વ્હીચલિત થયુ અને પોતાના સ્વપ્નના હાલ કહેવા લાગી ને આજ્ઞા ન આપી દીપાબાઈની વાત સાંભળી રૂઘનાથજીએ સમજાવતા કહ્યું કે નિશ્ચય તારૂ સ્વપ્ન સત્ય સિદ્ધ થશે અને ગૃહત્યાગી મુનિ થવાથી ભીખણુ સિંહની

માફક ગુંજશે દીપાબાઈને રૂઘનાથજીના આ જવાબથી સંતોષ થયો અને પુત્રને દીક્ષા લેવા આજ્ઞા આપી રૂઘનાથજીએ સં. ૧૯૦૮માં સ્વામી ભીખણુજીને દીક્ષા આપી.

દીક્ષા પછીપ્રાય આઠ વર્ષ ભીખણુજી રૂઘનાથજી પાસે રહ્યા અને એક વખત અત્યંત અધ્ય વસાય અને એકાંત એકાંત એકાગ્રચિત્ત જૈન સુત્રના અધ્યયન અને મનનમાં લગાવ્યા શાસ્ત્રોનો ગંભીર અધ્યયનથી તેઓને માલમ પડયું કે તત્કાલીન સાધુ વર્ગ શાસ્ત્રીય આ દેશો સંપૂર્ણ પાલન કરતા નથી ને સાચી વાખ્યા કરતા નથી ભીખણુજીએ જોયું કે તત્કાલીન સાધુ પોતાને માટે બનાવેલા સ્થાનોમાં રહે છે ઉદ્દેશિક આહાર લાવે છે ભિક્ષાના નિયમોનો સમુચિત્ત પાલન કરતા નથી પુસ્તકોનો સમુહ લાંબા કાળ સુધી વગર પડી લેહણુ પડી રાખે છે દીક્ષા દેવા પહેલા માબાપ સ્ત્રી પતી છોકરાની આજ્ઞાની જરૂર સમજતા નથી વસ્ત્ર, પાત્ર તથા સાધુના બીજા ઉપકરણુ આવશ્યતા અને શાસ્ત્રીય પ્રમાણુથી અધિક રાખે છે તેમાં સાચા આત્મદર્શન નથી અને શુદ્ધ સાધુ ચિત્ત આચાર નથી એ સર્વ ભીખણુજી એ શાસ્ત્રો જોવાથી અને મંથણુથી સારી રીતે જાણી લીધું. રૂઘનાથજીનો તેના ઉપર અધિક સ્નેહ હતો તે માટે ગુરૂ સન્મુખ તેઓના સિથીલાચારની વાત કહેવામાં ભીખણુજીને પહીલે પહલ મુશ્કેલી અને સંકોચ લાગ્યો તથાપિ નાના પ્રકારની શંકાઓ ઉઠાવી પ્રશ્ન કરતા ને સાચા રહસ્ય જાણવા ઉત્કંઠા દેખા-

હતા એટલામાં સંયોગવશ એવો બનાવ બન્યો કે પછી ભીખણુજીના ભવીષ્ય ઉજ્વલ બનાવવા વાળી હતી.

મેવાડમાં રાજનગર જ્યાં વસ્તી સારી જાણુકાર હતી ત્યાં રૂઘનાથજીના અયુયાયી ઘણા હતા તે અનુયાયીઓમાં ઘણા મહાજન હતા અને ઘણાને જૈન શાસ્ત્રોના મર્મનુ જ્ઞાન હતુ આ શ્રાવકોને કંઇ વાતમાં શંકા પડી તેઓએ રૂઘનાથજી અને તેના સાધુઓના આચાર શાસ્ત્ર સંમત ન લાગવાથી વંદના કરવી છોડી દીધી ભીખણુજીની બુદ્ધિ બહુ તિવ્ર હતી બીજા પર તેઓની બુદ્ધિના તતક્ષણુ પ્રભાવ પડતા હતા રૂઘનાથજીએ આ શ્રાવકોની શંકા દૂર કરવા ભીખણુજીને યોગ્ય સમજી બીજા સાધુ સાથે રાજનગર મોકલ્યા સ્વામીજીએ રાજનગરમાં ચોમાસુ કર્યું અનેક યુકિતઓથી શ્રાવકોને સમજાવી ફરી વંદના પ્રારંભ કરાવી ! શ્રાવકો વંદના કરવા લાગ્યા પણુ હૃદયમાંથી શંકા નીકળી નહી અને ભીખણુજીની યુક્તિથી તેઓના વૈરાગ્યમય જીવન અને સતમાર્ગ પર ચાલવાની પ્રતિ-જ્ઞાના પ્રભાવથી શ્રાવકોએ વંદના શરૂ કરી તેજ રાત્રે ભીખનજીને અસાધારણુ તાવ ચડયો તાવની તીવ્ર વેદનાએ ભીખનજીને પવિત્ર કરી દીધા !

તેઓએ વીચાર્યું કે મે સત્યને જુઠુ ઠહેરાવ્યું તે ઠીક નહી જો આ વખતે મારૂં મરણુ થાય તો કેવી દુર્ગતિ થાય એવી રીતે આત્મગ્લાનિ અને પશ્ચાતાપથી તેઓના હૃદયના બધા મલ ઢોવાઇ ગયા ને તેઓએ પ્રતિજ્ઞા કરી કે આ રોગથી મુક્ત થાઊ તો અવશ્ય પક્ષપાત રહીત

થઈ સાચો માર્ગ અનુસરણુ કરૂ જીનોક્ત સાચા સિદ્ધાંતો ને અંગીકાર કરી તેના અનુસાર આચરણુ કરવાથી કોઈની ખાતર નહી કરીશ આ પ્રકારનો એક દીવ્ય પ્રકાશથી તેઓના હૃદય જગમગ્યા બાદ તેઓનું બધું જીવન આવા આંતરીક પ્રકાશથી આલોકિત છે.

એ સ્વામીજીની અસાધારણુ મહાનતાના લક્ષણુ છે તેઓમાં હઠ કે જીદ ન હતી પોતાની ભુલ થવાથી છુપાવતા કે પોષણુ કરતા નહી એક સાચા મુમુક્ષુની માફક સત્યની તપાસમાં હતા જ્યાં સત્યના દર્શન થતા ત્યાં આગળ વઢતા એહીકમાન સન્માન કે પદની ગૌરવની રક્ષાનો ખ્યાલ જરા પણુ નહોતો.

સત્ય માટે સર્વ વાત ગણુતીમાં નહતી. માટે જ્યારે તે વખતના સાધુ સમાજમાં શિથીલાચાર માલમ પડયો તે વખતે તેઓએ તેનું પ્રાયશ્ચિત કીધું.

ઉપરોકત પતિજ્ઞા પછી ભીખણુજીનો તાવ ઉતરી ગયો તેઓએ શ્રાવકોને કહ્યું કે તમારૂં કહેવું સાચું છે સાધુ વર્ગના આચાર પરૂપણુા અશુધ્ધ છે તેઓએ વચન આપ્યું કે આચાર્યને સમજાવી શુદ્ધ માર્ગની પ્રવૃતિ માટે ચેષ્ટા કરીશ તેથી શ્રાવક વિશેષ શ્રદ્ધાળુ થયા તેઓએ સત્યાસત્યનો નિર્ણય કરવા ફરીથી શાસ્ત્રો વાંચ્યાં બત્રીશ સુત્રો બે બે વખત સારી રીતે વિચારપૂર્વક વાંચ્યા હવે રૂઘનાથજીનો પક્ષ શાસ્ત્ર સંમત ન હોવાની શંકા ન રહી.

ભીખણુજી જીનોકત માર્ગ અંગીકાર કરવાની પ્રતિજ્ઞા કરી લીધી હતી તેથી પાઠક એમન સમજે કે તેઓ

એ રૂઘનાથજીના શિષ્ય ન રહેવાની અને કોઈ નવો પંથ મત સ્થાપી આચાર્ય બનવા ચાહતા હતા જ્યાં સાચો માર્ગ હો ત્યાં ગુરૂ રૂપમાં કે શિષ્ય રૂપમાં રહેવુ તેઓને માટે સમાન હતુ આત્મા કલ્યાણનો માર્ગ મુખ્ય હતો એટલે શિષ્યરહીને પણ પ્રાપ્ત કરી શકે માટે રૂઘનાથજીનીપક્ષને ભુલ ભરેલી સમજી તેઓએ તેજ વખતે રૂઘનાથજીથી પોતાનો સંબંધ તોડયો નહી પણ ઉલટો તેઓએ રૂઘનાથજીથી શાસ્ત્રીય આલોચન કરવા વિચાર કીધો પોતાના સંપ્રદાયને શુદ્ધમાર્ગ પર લાવવા પ્રયત્ન કીધો તેઓને મળવા પહેલા પોતાના ભવિષ્ય સંબંધમાં તેઓએ કોઇ નિશ્ચય કર્યો નહિ આ વખતે ભીખણજીએ જે જે વિનય અને ધીરજનો પરિચય દેખાડયો છે તે તેઓના આંતરિક વૈરાગ્ય અને ધર્મભાવના ના પ્રતિબિમ્બ છે.

ચોમાસુ ખલાશ થયે ભીખણજી રૂઘુનાથજીની પાશ ગયા અને નમ્રતાપૂર્વક આલોંચના શરૂ કરી તેઓએ કહ્યું કે હમે કલ્યાણ માટે ઘરબાર છોડયા છે તો જુઠી પક્ષપાત છોડી સાચો માર્ગ ગ્રહણ કરવો જોઇયે શાસ્ત્રીય વચનોના પ્રમાણ માનકર મિથ્યા પક્ષ ન રાખવો જોઇયે પુજા પ્રશંસા તો ઘણી વખત મળી છે પણ સાચો માર્ગ મળવો બહુ કઠણ છે સાચા માર્ગ પ્રાપ્ત કરવામાં આ વાતોનો હીસાબ ગણવો જોઇયે નહી તમને આમાં કાંઈ સંદેહ રહેવો જોઇયે નહી જો આપ શુદ્ધ જૈન માર્ગ ને અંગીકાર કરો તો મારે માથે આપ પહેલા પુજ્ય રહેશો.

પરંતુ ભીખણજીની આ નમ્ર વીનતીને રૂઘનાથજી ઉપર કોઈ અસર થઈ નહી પાંચમા આરાનો પ્રભાવ કહી વાત ઉડાવી દીધી સ્વામી ભીખણજી આ ઉત્તરથી સંતોષ થયા નહી તેની નજરમાં આ દુઃષમ કાળમાં સમ્યકત્વ પાલન કરવાવાના ઉધમમાં ઓછું આવવાને બદલે અધિક ઉલટ આવવી જોઈએ ભગવાને જે પાચમા આરાને દુઃષમ કાળ બતલાવ્યો તેનુ તાત્પર્ય એ નથી કે કોઈ કાળમાં કોઈ સમ્યક ધર્મનુ પાલન નહી કરી શકશે પણ તેનો અર્થ એ છે કે ચરિત્ર પાલનમાં નાના પ્રકારની શારીરિક તથા માનસિક કઠિનાઈ આવશે માટે ચારીત્ર પાલવા વધુ પુરૂષાર્થની જરૂર છે ભીખણજીએ ભગવાનનુ ફરમાન વાંચી લીધુ જે શકિતહીન હશે અને સાધુપણુ પાલવામાં અસમર્થ હશે તે વખતનો આરાનો દોષ બતલાવશે ને શિથીલાચાર છોડશે નહી.

ગુરૂ રૂઘુનાથજીને હરેક પ્રકારની ચેષ્ટા કરી ઠીકસર ન ચાલવાથી સ્વામીજી પોતે તેનાથી જુદા થયા અને શુદ્ધ સંયમ માર્ગ પર ચાલવા દ્રઢ નિશ્ચય કર્યો, ભીખણજીએ બગડી શહેરમાં રૂઘનાથજીનો સંગ છોડી દીધો અને તેનાથી જુદો વીહાર કીધો.

ભારમલજી વીગેરે કેટલાક સંત તેઓ સાથે થયા આવી રીતે ગુરૂ રૂઘનાથજીથી જુદા થઈ દુઃખના ડુગર ખમ્યા તે વખતે રૂઘનાથજીની પ્રતિષ્ઠા સારી હતી તેના શ્રદ્ધાળુ ભકતો ઘણા હતા ભીખણજી જુદા થતાની સાથે રૂઘનાથજીએ બહુ વિરોધ કર્યો પરંતુ ભીખણજી તે સર્વથી

ચલિત થયા નહી બગડીમાં ભીખણુજીને સ્થાન આપવું નહી એવી દાંડી પીટાવી ભીખણુજી સાધુઓ માટે બનાવેલા આધાકર્મી સ્થાનકનો આશ્રય ન લીધો પણ બગડી બહાર જૈતસીહજીની છત્રીમાં રહ્યા ત્યાં રૂઘનાથજીએ વળી જોરથી ચર્ચા કરી નાના પ્રકારના ઉપાય કર્યા સ્વામીજી તેઓના સામીલ ન થયા રૂઘનાથજી ભીખણુજીને ફરી પોતાની સાથે લઇ જઈ શક્યા નહી ત્યારે રૂઘનાથજી બોલ્યા કે હું તારા પગ જમવા દઈશ નહી તું જ્યાં જશે ત્યાં તારો પીછો છોડીશ નહી અને તારો ઘોર વીરોધ કરીશ આ ધમકિયોને ભીખણુજી એ જરા પણ ગણુકારી નહી ને બગડીથી વીહાર કીધો વીહાર કરતા ભીખણુજી જોધપુર પધાર્યા ત્યાં પહોચતા પહોચતા સ્વામીજીના અનુયાયી તેર સાધુ તેમાં પાંચ રૂઘનાજીના છ જેમલજીની સંપ્રદાયના અને બે બીજા તેમાં ટોકરજી, હરનાથજી, ભારીમલજી, વીરભાણુજી સામેલ હતા આ લગી તેર શ્રાવક ભીખણુજીના પક્ષમાં હતા જોધપુરના બજારમાં એક ખાલી દુકાનમાં શ્રાવકો સામાયક કરતા તથા પોષાદિક કરતા જોયા તે વખતે જોધપુરના દીવાન ફતેહચંદજી સીંઘીનું બજારમાંથી જવું થયું સાધુ માટે નિર્દિષ્ટ સ્થાન છોડી બઝારમાં ચૌટામાં સાધુ શ્રાવકોને સામાયિક વીગેરે ધર્મકૃત્ય કરતા જોઈ આશ્ચર્ય થયા તેઓના પુછવાથી શ્રાવકોએ રૂઘનાથજીથી ભીખણુજીનું જુદું પડવું બતલાવ્યું.

જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ પોતા માટે બનાવેલા મકાનમાં સાધુએ ન રહેવુ જોઈએ એ સમજાવ્યુ દીવાન

ફતેચંદજીએ પુછયું કે ભીખણજીના તેર સાધુ તેર શ્રાવક છે ત્યાં ઉભેલો સેવક કવિએ દોહરો જોડી તેરાપંથી નામથી સંબોધ્યા.

સ્વામીજી પ્રત્યુત્પન્ન મતિ બહુ આશ્ચર્યકારી હતી તેમના જેવી ઉત્પાત બુદ્ધિ થોડામાં હોય છે તે:સેવક કવીના મોઢેથી આકસ્મિક "તેરાપંથી" નામ સાંભળી સ્વામીજીએ તેનો બહુ સુંદર અર્થ કર્યો પાંચ મહાવ્રત, પાંચ સુમતી અને ત્રણ ગુપ્તિ સ્વામી શ્રી રીખવ દેવ ભગવાનના વખતથી જે પાળે છે તેજ હેપ્રભુતેરાપંથ છે બાકી અનેરાપંથી છે.

આ ઘટના બાદ શં. ૧૮૧૭ના અષાઢ સુદ ૧૫ને દીને સ્વામી ભીખણજીએ ભગવાનની સાક્ષીએ નવી દીક્ષા લીધી અને તેઓની સાથેના સાધુઓને જે જગ્યાએ તેઓ ચોમાસુ કરે ત્યાં દીક્ષા લેવા કહી દીધું ચોમાસુ ઉતર્યા પછી બધા સાધુ ભેગા થાય તેઓની શ્રદ્ધા આચાર આપસમાં મળે તે સામેલ બાકી જુદા એવી રીતે તેરાપંથી મતની સ્થાપના જાહેર થઇ ને હમેશ વૃદ્ધિ થઇ.

આ મત સ્થાપના જાહેર થઈ આગળ માર્ગ સરળ નહોતો રૂઘનાથજી પુષ્કળ જોરથી લોકોને ભડકાવવા લાગ્યા રહેવાને જગ્યા મળતી નહી ઘી દુધની વાત દુર રહી પણ લુખા સુકા આહાર પણ પુરા મળતા નહી પીવાને પાણી માટે કષ્ટ ઉઠાવવું પડતું પણ સ્વામીજી આ વિઘ્ન બાધાઓથી ગભરાયા નહી તેઓએ એવો વીચાર કર્યો કે પોતાનો માર્ગ નિશ્ચિત કર્યો હતો તેને માટે પ્રાણ જાય તેની દરકાર ન

હતી સ્વામી જીતમલજીને ઠીક કહ્યા છે કે "મરણુધાર શુદ્ધમગ લિયો" અર્થાત તેઓએ પ્રાણુ દેવા સુધી નિશ્ચય કર્યો હતો ને પ્રભુને સાચો માર્ગ અંગીકાર કર્યો હતો આવી કઠીનાઈઓ એક દહાડા, બે દહાડા નહી પણુ હમેશ કઈ વર્ષો સુધી સહેવી પડી હતી પણુ સ્વામીજીએ તેની કઈ પણુ દરકાર કરી નહી

આવા પરિષહા સમભાવે સહન કરતા તેઓએ જોયુ કે લોકો જૈન ધર્મથી ઘણા દુર છે ઘણા લોકો ચાલુ ચીલે ચાલવાવાળા છે સત્યાસત્યનો નિર્ણય કરવા અસમર્થ છે જ્ઞાન વરણી કર્મનુ જોર છે સમજવા બહુ કઠણ છે ધર્મના દ્વેષી ઘણા છે સમજદારો થોડા છે એવી સ્થીતીમાં ધર્મ પ્રચાર થઈ શકે નહી માટે આત્મકલ્યાણનો ઉદ્યોગ કરીયે ઘર છોડી આ કઠિન માર્ગ સાધુ સાધ્વિઓને દીક્ષા લેવી કઠણ છે માટે ઉગ્ર તપસ્યા કરી મારે આત્મોધ્ધાર કરવો આવો વિચાર કરી તેઓએ એકાંતર વ્રત કરવા શરૂ કર્યા તડકામાં આતાપના લેવી શરૂ કરી બીજા સાધુઓને પણ ભીખણુજીએ તેમ કરવા કહ્યું એવી રીતે સ્વામીજી પોતાના પ્રકાશેલા મત રૂપી વૃક્ષને તપરૂપી પાણીથી સીંચવા શરૂ કર્યા ભીખણુજીના સમયમાં શ્રી થીરપાલજી અને શ્રી ફતેહચંદજી બે સાધુ હતા તે તપસ્વી, સરળભદ્ર પ્રકૃતિના હતા તેઓએ ભીખણુજીને આવી ઉગ્ર તપસ્યા કરતા જોઈ અરજ કરી કે આવી રીતે તપસ્યા કરી શરીર ખપાવો તેના કરતા ઘણા લોકો આપને હાથે સમજે એમ છે આપની બુદ્ધિ અસાધારણુ છે આપમાં પોતાનું કલ્યાણુ

સાથે સાથે બીજાનુ કલ્યાણુ કરવા સામર્થ્ય છે માટે આ-
પની બુધ્ધિનો શક્તિનો ઘણુા લોકોને સમજાવવા ઉપયોગ
કરો આ વૃધ્ધોવૃધ્ધ સાધુઓની વીનંતી ભીખણુજીએ સ્વી-
કારી ત્યારથી ધાર્મીક સીદ્ધાંત લોકોમાં પ્રચારવા માંડયો
આ સિદ્ધાંત ઢાળોમાં લખી લખી શાસ્ત્રીય દાખલા
સહીત બતાવ્યા ન્યાય અને તર્ક દૃષ્ટિથી તેઓએ દયા-
દાન ઉપર સુંદર ઢાલ બનાવી વ્રત અવ્રત ખુબ સમજાવ્યા
નવ તત્વો ઉપર એક મહત્વપુર્ણ પુસ્તક લખી શ્રાવકના
બાર વ્રત ઉપર નવો પ્રકાશ નાંખ્યો શીયલ બ્રહ્મચર્યના
વિષય ઉપર મહત્વપુર્ણ રચના કરી એવી રીતે પોતાના
વિચાર લોકોને સમજાવ્યા સાધુના આચાર પર ઢાલો
બનાવી સીથીલાચાર હઠાવ્યો સાચુ સાધુપણુ લોકોને
બતાવ્યું મનની તમામ ધારણા શાસ્ત્રીય મત મુજબ
બધાને બતલાવ્યા પોતાના મતની પુષ્ટી કરી જે મત
તેર સાધુ અને તેર શ્રાવકોથી શરૂ કર્યા તે ફેલતા ફેલતા
લાખોની સંખ્યામાં રજપુતાના, બંગાલ, આસામ, પંજાબ
માળવા, ખાનદેશ, ગુજરાત, મુંબઇ, દક્ષીણુ મદ્રાસ, હરીયાના
સર્વ સ્થાનમાં ફેલાયો.

ભીખણુજીનો ધર્મ પ્રચાર મારવાડ, મેવાડ, ઢુંઢાડ
કચ્છ વીગેર પ્રદેશમાં હતો કચ્છમાં સ્વામીજીનો વીહાર
થયો નહોતો પણુ શ્રાવક ટીકમડોશી મારફત પ્રચાર થયો
હતો ભીખણુજીએ પોતે ૪૮ સાધુને ૫૬ સાધ્વિઓને
દીક્ષા આપી તેમાંથી ૨૦ સાધુ ૧૭ સાધ્વિ આવા
સખત સાધુ ધર્મ ન પાળી શકવાથી નીકલી ગયા શ્રાવક
અને શ્રાવીકાની સંખ્યા બહુ વધી ગઇ સ્વામીજીના મત

પ્રચારની સફળતા પોતે જોઈ સ્વામીજીના દેહાવસાન શં. ૧૮૬૦ ભાદરવા સુદ ૧૩ એ સીરીયામાં થયો છેવટ સુધી જાગરુતા રહી છેલ્લા દીવસોમાં જે ઉપદેશ આપ્યો તે સ્વર્ણ અક્ષરોમાં લખવા યોગ્ય છે ૪૪ વર્ષમાં નીચે મુંજબ ચોમાસા કીધા.

કેલવામાં છ ૧૮૧૭, ૨૧, ૨૫, ૩૮, ૪૬, ૫૮
બરોલીમાં એક ૧૮૧૮
સીરીયામાં સાત ૧૮૧૯, ૨૨, ૨૬, ૩૯, ૪૨, ૫૧, ૬૦
રાજનગરમાં એક ૧૮૨૦
પાલીમાં સાત ૧૮૨૩, ૩૩, ૪૦, ૪૪, ૫૨, ૫૫, ૫૯
કંટાલીયા બે ૧૮૨૪, ૨૮
ખેરવે પાંચ શં. ૧૮૨૯, ૩૨, ૪૧, ૪૯, ૫૪
બગડીમાં ત્રણ શં. ૧૮૨૭, ૩૦, ૩૬
રણુત ભંવરગઢમાં બે શં. ૧૮૩૧, ૪૮
પીપાડમાં બે શં. ૧૮૩૪, ૧૮૪૫
આમેટમાં એક શં. ૧૮૩૫
પાદુમાં એક શં. ૧૮૩૭
નાથદ્વારામાં ત્રણ શં. ૧૮૪૩, ૫૦, ૫૯
પુરમાં બે શં. ૧૮૪૭, ૫૭
સોજતમાં એક શં. ૧૮૫૩

બીજા આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી ભારમલજીસ્વામી આપ ઓશવાલ લોઢાગોત્ર પીતા કૃષ્ણાજી માતા ધારીણી જન્મ મેવાડ મોહી ગામ શં. ૧૮૦૩માં થયા આપની દીક્ષા નાની ઉમરમાં સ્વામી શ્રી ૧૦૦૮ શ્રી

ભીખનજી સ્વામીને હાથે દીક્ષા શં. ૧૮૧૭ના અષાઢ સુદ ૧૫એ લીધી સ્વામી શ્રી ભીખનજીસ્વામીએ પોતે યુવરાજપદ આપ્યુ શં. ૧૮૬૦ ભાદરવા સુદ ૧૩ને રોજ આચાર્યપદે બીરાજ્યા ૩૮ સાધુ ૪૪ સાધ્વીને દીક્ષા આપી સ્વર્ગવાસ શં. ૧૮૭૮ માઘ વદ ૮એ મેવાડમાં રાજનગરમાં થયો સ્વર્ગવાસ સમય ૩૫ સાધુ ૪૧ સાધ્વી આજ્ઞામાં હતી આપને અઢાર વર્ષમાં નીચે મુજબ ચોમાસા કીધા.

પાસાગણુમાં એક શં. ૧૮૬૧
પાલીમાં ત્રણ શં. ૧૮૬૨, ૬૮, ૭૨
ખેરવામાં એક શં. ૧૯૬૩
કેલવામાં બે શં. ૧૮૬૪, ૭૮
નાથદ્વારમાં ત્રણ શં. ૧૮૬૫, ૭૪, ૭૫
આમેટમાં એક શં. ૧૮૬૬
બાલોતરામાં એક શં. ૧૮૬૭
જેપુરમાં એક શં. ૧૮૬૯
માધુપુરમાં એક શં. ૧૮૭૦
બોરાવડમાં એક શં. ૧૮૭૧
સીરીયામાં એક શં. ૧૮૭૩
કાકરોલીમાં એક શં. ૧૮૭૫
પુરમાં એક શં. ૧૮૭૬

ત્રીજા આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી રાયચંદજી સ્વામી

ઓશવાલ બમ્બ ગોત્ર પીતા ચતુરજી માતા કુશલાજી જન્મ મેવાડ ગામ રાવલિયામા શં. ૧૯૪૭માં થયો

નાની ઉમરમાં શ્રીમદ ભીક્ષુ સ્વામીના શાશન કાળમાં મીતી ચૈત્ર સુદ ૧૫ શં. ૧૮૫૭માં દીક્ષા લીધી શં. ૧૮૭૮ ભાદરવા વદ ૯ એ આચાર્યપદ પામ્યા પોતે ૭૭ સાધુ ને ૧૬૮ સાધ્વીને દીક્ષા આપી સ્વર્ગવાશ શં. ૧૯૦૮ માગશર વદ ૧૪ એ રાવલીયામાં થયો સ્વર્ગવાશ સમય ૬૭ સાધુ ને ૧૪૪ સાધ્વી આજ્ઞામાં હતી ત્રીશ વર્ષમાં નીચે મુજબ ચોમાશા કર્યા.

પાલીમાં આઠ શં. ૧૮૭૯, ૧૮૮૨, ૮૬, ૯૦, ૯૩, ૯૬, ૧૯૦૨, ૧૯૦૫

જેપુરમાં છ શં. ૧૮૮૦, ૯૨, ૯૭, ૧૯૦૦, ૧૯૦૩, ૧૯૦૭

પીપાડમાં એક શં. ૧૯૮૧

ઉદેપુરમાં ચાર શં. ૧૮૮૩, ૮૯, ૯૫, ૧૯૦૮

પટલાવદમાં એક શં. ૧૯૮૪

નાથદ્વારામાં પાંચ શં. ૧૯૮૫, ૮૮, ૯૪, ૧૯૦૧, ૧૯૦૪

બીદાસરમાં બે શં. ૧૮૮૭, ૧૮૯૯

ગોગુન્દામાં એક શં. ૧૮૯૧

લાડનુનમાં બે શં. ૧૮૭૮ ને ૧૯૦૯

ચોથા આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી જીતમલજી શ્વામી આપ ઓશવાલ ગોલેચ્છા પીતા આઈદાનજી માતા કલુજી જન્મ મારવાડ રોહીત ગામ શંવત શં. ૧૮૬૦ આસો સુદ ૧૪ નાની ઉમરમાં પોતાની માતા પોતાના બે ભાઈઓ સાથે શં, ૧૮૬૫ માધ વદી ૭ ને

દીને જેપુરમાં દીક્ષા લીધી શં. ૧૯૦૮ મીતી માઘ સુદ ૧૫ ને દીને પાટ બીરાજ્યા પોતાને હાથે ૧૦૫ સાધુ ને ૨૨૪ સાધ્વીઓને દીક્ષા આપી સ્વર્ગવાશ જેપુરમાં શં. ૧૯૩૮ ભાદરવા વદ ૧૨ એ થયો સ્વર્ગવાશ સમયે ૭૧ સાધુને ૨૦૫ સાધ્વી આજ્ઞામાં હતી ત્રીશ વર્ષમાં નીચે મુજબ ચોમાશા કર્યા

જેપુરમાં ચાર શં. ૧૯૦૯. ૧૯૨૮. ૧૯૩૭. ૧૯૩૮.

ઉદેપુરમાં એક શં. ૧૯૧૦

રતલામમાં એક શં. ૧૯૧૧

નાથદ્વારે એક શં. ૧૯૧૨

પાલીમાં બે શં. ૧૯૧૩ શં. ૧૯૨૨

બીધસરમાં આઠ શં. ૧૯૧૪. ૧૯૧૭. ૧૯૨૩. ૧૯૨૬. ૧૯૨૯. ૧૯૩૦. ૧૯૩૫. ૧૯૩૬

લાડનુનમાં ૭ શં. ૧૯૧૫, ૧૯૧૮, ૧૯૨૭, ૧૯૩૨, ૧૯૩૩, ૧૯૩૪

સુજાનગઢમાં ચાર શં. ૧૯૧૬, ૧૯૧૯, ૧૯૨૪, ૧૯૩૧

ચુરૂમાં એક શં. ૧૯૨૦

જોધપુરમાં બે શં. ૧૯૨૧, ૧૯૨૫

પાંચમાં આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી મઘરાજજી સ્વામી.

આપ ઓશવાલ બેગબાની ગોત્ર પીતા પુરણમલજી માતા વન્નાજી જન્મ થલી પ્રદેશ બીદાસર ગામ શં. ૧૮૬૭ ચૈત્ર સુદ ૧૧એ થયો હતો આપ દીક્ષા નાની

ઉંમરમાં શં. ૧૯૦૮ માગશર વદ ૧૨એ લાડનુનમાં થઈ શં. ૧૯૩૮ની ભાદરવા સુદ ૨એ આચાર્ય થયા આપને ૩૬ સાધુને ૮૩ સાધ્વીઓને દીક્ષા આપી આપ શં ૧૯૪૯ ચૈત્ર વદ ૬એ સરદાર શહેરમાં સ્વર્ગવાશ થયો સ્વર્ગવાસ સમય ૭૧ સાધુ ૧૫૩ સાધ્વી આપની આજ્ઞામાં હતા નીચે લખેલા ગામમાં અગીઆર ચોમાસા કર્યા.

બીદાસરમાં ત્રણ શં. ૧૯૩૬, ૧૯૪૪, ૧૯૪૭
ચુરૂમાં એક શં. ૧૯૪૦
સરદાર શહેરમાં બે શં. ૧૯૪૧, ૧૯૪૫
જોધપુરમાં એક શં. ૧૯૪૨
ઉદેપુરમાં એક શં. ૧૯૪૩
લાડનુમાં એક શં. ૧૯૪૬
જેપુરમાં એક શં. ૧૯૪૮
રતનગઢમાં એક શં. ૧૯૪૯

છઠ્ઠા આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી માનેકલાલજીસ્વામી

આપકા જન્મ શ્રીમાલી ખારેડ ગોત્ર પીતા હુકમચંદજી માતા છોટાજી ઢુઢાડ પ્રદેશ જેપુર શહેરે શં. ૧૯૧૨ ભાદરવા વદ ૪ને દહાડે થયો હતો આપની દીક્ષા બાલવયમાં લાડનુનમાં શં. ૧૯૨૮ ફાગણ સુદ ૧૧એ થઈ સરદાર શહેરમાં શં. ૧૯૪૯ ચૈત્ર સુદ ૮એ આચાર્યપદ મલ્યુ સોળ સાધુ ને ચોવીશ સાધવીને દીક્ષા આપી આપનો સ્વર્ગવાશ ૧૯૫૪ કારતક વદ ૩ને રોજ સુજાનગઢમાં થયો આપના સ્વર્ગવાશ સમય ૭૨ સાધુ ૧૬૪

સાધ્વી આ આજ્ઞામાં હતી પાંચ વર્ષના કાળમાં નીચે મુજબ ચોમાસા કર્યા.

સરદાર શહેરે એક શં. ૧૯૫૦

ચુરૂમાં એક શં. ૧૯૫૧

જેપુરમાં એક શં. ૧૯૫૨

બીદાસરમાં એક શં. ૧૯૫૩

સુજાનગઢમાં એક શં. ૧૯૫૪

સાતમા આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી ડાલચંદજી સ્વામી

આપ વીશાઓશવાલ પીપાડાગોત્ર પીતાનું નામ શા. કનીરામજી માતા જડાવાજી માળવામાં ઉજ્જેન ગ્રામમાં શં. ૧૯૦૬ના અષાઢ સુદ ૪નો દીવસે જન્મ થયો નાની ઉમરમાં ૧૯૨૩ ભાદરવા વદ ૧૨ને રોજ ઇંદોરમાં દીક્ષા થઈ શં. ૧૯૫૪ મહા વદ ૨ને દહાડે આચાર્યપદ શોભાવ્યુ આપે ૩૬ સાધુ ૧૨૫ સાધ્વીયોને દીક્ષા આપી આપનો સ્વર્ગવાસ લાડનુનમાં શં. ૧૯૬૬ ભાદરવા માશમાં થયો સ્વર્ગવાસ સમય ૬૮ સાધુ ને ૨૩૧ સાધવીઓ આજ્ઞામાં હતી નીચે મુજબ ગામોમાં ચોમાસા કર્યા

લાડનુનમાં ચાર શં. ૧૯૫૫, ૧૯૬૨, ૧૯૬૫, ૧૯૬૬

સરદાર શહેરે બે શં. ૧૯૫૬, ૧૯૬૩

બીદાસરમાં બે શં. ૧૯૫૭, ૧૯૬૪

રાજલદેશર એક શં. ૧૯૬૮

જોધપુરમાં એક શં. ૧૯૫૯

સુજાનગઢમાં એક શં. ૧૯૬૦

ચુરૂમાં એક શં. ૧૯૬૧

આઠમાં આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી કાલુરામ શ્વામી

આપ વીશા ઓશવાલ કોઠારી ગોત્ર પીતાજી શા. મુલચંદજી માતા છોગાજી જન્મ થલી પ્રાંતમાં છાપર નામે ગામ શંવત ૧૮૩૩ ફાગણુ સુદ ૨ દીક્ષા મેઘરાજજી શ્વામી ને હાથે નાની ઉંમરમાં પોતાથી માતા મહાસતીજી છોગાજી ને માશીની બેટી કાનકુંવરજી સાથે શં. ૧૯૪૪ આસો સુદ ૩ બીદાસરમાં થઈ પુજયજી શ્રો શ્વામી ડાલચંદજી સ્વર્ગવાસ થયા પછી શં. ૧૯૬૬ ભાદરવા સુદ ૧૫ દીન આચાર્યપદ ઉપર બીરાજ્યા પોતે ૧૫૫ સાધુ ને ૨૫૫ સાધવીઓને દીક્ષા આપી આપનો સ્વર્ગવાશ શં. ૧૯૯૩ મીતી પ્રથમ ભાદરવા શુદ ૬ એ ગંગાપુરમાં થયો સ્વર્ગવાસ સમય ગણુમાં ૧૩૯ સાધુ ને ૩૩૪ સાધવીઓ હતી. આપને ૨૭ વર્ષ આચાર્ય પદ પર બીરાજયા નીચે મુજબ ચોમાશા કીધા.

લાડનુનમાં ત્રણ શં. ૧૯૬૬, ૧૯૭૦, ૧૯૮૬
સરદાર શેહેર ત્રણ શં. ૧૯૬૭, ૧૯૭૪, ૧૯૮૫
બીદાસર ચાર શં. ૧૯૬૮, ૧૯૭૬, ૧૯૮૨, ૧૯૮૮
ચુરૂમાં બે શં. ૧૯૬૯, ૧૯૮૧
સુજાનગઢ બે શં. ૧૯૭૧, ૧૯૯૦
ઉદેપુર બે શં. ૧૯૭૨, ૧૯૯૨
જોધપુર બે શં. ૧૯૭૩, ૧૯૯૧
રાજલદેશર એક શં. ૧૯૭૫
ભીવાની એક શં. ૧૯૭૭

રતનગઢ એક સં. ૧૯૭૮
બીકાનેર એક સં. ૧૯૭૯
જેપુર એક શં. ૧૯૮૦
ગંગા શેહેર બે શં. ૧૯૮૩, ૧૯૮૭
ડુગરગઢ એક શં. ૧૯૮૪
છાપર એક શં. ૧૯૮૫
ગંગાપુર ૧૯૯૩

માજી મહારાજ શ્રી છોગાજી બીદાશરમાં ૯૬ વર્ષની વયે બીકાનેર જીલ્લામાં એકાંતરા છઠ અઠમ તપ કરી કાયા શોશવી દેવલોક પધાર્યા.

જૈન સાહિત્યમાં સંસાર પ્રસિદ્ધ ડા–હરમન જેકોબી જરમન દેશવાશી ચિકાગો અમેરીકા યુનીવર્સીટીના અધ્યાપક જે કલકત્તા વિશ્વવિદ્યાલયમાં જૈન દર્શનના અધ્યાપક ઘણુા વર્ષોથી હતા તે આપના દર્શને આવી શાસ્ત્રોના રહસ્યો સમજ્યા હતા લાલા સુખવીરસીહજી મેમ્બર હીંદુસ્તાનની ધારાસભા રાજલદેશરમાં ને બીયાવરમાં બે વખત દર્શન કર્યાં હતા ચીકાગો અમેરિકા યુનીવર્સીટીના અધ્યાપક ડા. ચાર્લસ ડબ્લુ ગીલ્કીએ આપના દર્શન કરી તત્વ સમજ્યો હતો અને અને તેરાપંથી ધર્મના સિદ્ધાંત અને સાધુના આચાર નીયમો ભારત, યુરોપ, અને અમેરિકાના પોતાના મિત્રો પાસે જણાવવા કહેતો હતો વગેરે ઘણા વીદ્વાનોએ દર્શન કર્યાં હતા.

નવમાં વર્તમાન આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી તુલશી રામજીસ્વામી પોતે વીશા ઓશવાલ

ખટેડ ગોત્ર પીતા શા. ઝુમરમળજી માતા શ્રી બદનાજી જન્મ મારવાડ પ્રાંત લાડનુન શહેરે શં. ૧૯૭૧ કારતક સુદ ૨નો જન્મ શં. ૧૯૮૨ પોશ વદ ૫એ દીક્ષા, યુવરાજ પદવી આઠમા આચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી કાલુરામજીદ્વારા શં. ૧૯૯૩ના ભાદરવા સુદ ૩ એ મલી આઠમા આચાર્યના સ્વર્ગ-વાસ પછી શં. ૧૯૯૩ વરખે ભાદરવા સુદ ૯ને દીવસે આચાર્યપદ પર બીરાજ્યા પછી હમણા સુધી શં. ૧૯૯૫ માઘ સુદી ૧૫ સુધી ૨૫ સાધુ ને ૫૯ સતીજીઓને દીક્ષા આપી ૧૫૧ સાધુને ૪૦૨ મહાસતીજી આપની આજ્ઞામાંથી ઉપરોકત નવ આચાર્યમાં આ આપે આવી નાની ઉમરમાં આચાર્યનો ગુરૂભાર મેળવ્યો આપે આ નાની ઉમરમાં જે પાંડીત્ય, વિદ્વતા, વૈરાગ્ય વસંઘ પરિચાલન શકતી છે તે અસાધારણ છે પોતે પાટ બીરાજ્યા પછી—

ગંગાપુરમાં એક શં. ૧૯૯૩
બીકાનેરમાં એક શં. ૧૯૯૪
સરદાર શહેરમાં એક શં. ૧૯૯૫
બીદાસરમાં એક શં. ૧૯૯૬
લાડનુનમાં એક સં. ૧૯૯૭

તેરાપંથી મુર્તિપુજા કરે નહિ અને મોક્ષનું સાધન માને નહિ શ્રી તીર્થંકરો જેઓએ મોક્ષ પ્રાપ્ત કર્યું છે તેની ભાવપુજા ધ્યાન કરે છે તેને જ મોક્ષનુ સાધન લોકોત્તર માર્ગ જાણે છે જેણે સંસાર ત્યાગી સાધુ માર્ગ સ્વીકારી યથાર્થ પાળે છે તે તેરાપંથીઓને વંદનીય નમસ્ય છે તેવી રીતે ફકત ગુણપુજા તેરાપંથીઓનો સિધાંન્ત છે.

તેરાપંથી સાધુ લોકીક અને લોકોત્તર કલ્યાણમાં બહુ અંતર સમજે છે લોકીક ઉપકાર પર ધ્યાન આપતા નથી ને લોકોત્તર ઉપકારને રસ્તો દેખાડે છે સંસારિક ઉપકાર જોડે સંસર્ગ રાખતા નથી તે સંબંધમાં ઉપદેશ આપતા નથી તેઓને બધો ઉપદેશ ધાર્મીક લોકોત્તર હોય છે

જીંદગી સુધી નીચેના વ્રત પાળે છે પાંચ મહાવ્રત

૧ પ્રાણાતિ વિરમણુ વ્રત સાધુઓ સંપુર્ણ અહિંસક ત્રણ કરણ ત્રણ જોગથી હોય છે સાધુપણુ પચ્ચખ્યે તે વખતે પ્રતિજ્ઞા અથવા વ્રત લે તે વખતે સોગંદ કરે છે કે બાદર, ત્રશ સ્થાવર કાંઈ પણ પ્રકારના પ્રાણીની હિંસા મન, વચન અથવા કાયાથી કરુ નહી, કરાવુ નહિ અને કરે તેની અનુમોદના કરૂ નહી

અને તે ફક્ત પ્રતિજ્ઞા કરીને રહી જતા નથી પણ પોતાના જીવનને તે પ્રમાણે વર્તનમાં મુકે છે જેથી લીધેલા વ્રત સંપુર્ણ પળાય છે ગરમીમાં પંખાથી હવા લેતા નથી ઠંડીમાં તાપવા બેસતા નથી ભુખથી પ્રાણ નીકળી જાય તો પણ સચિત વસ્તુ ખાતા નથી ફુળ તોડતા નથી ઘાસ પર ચાલતા નથી સચિત પાણીને અડકતા નથી આ પ્રકારે પોતાનું જીવન હર પ્રકારે સંયમી અને અહિંસક બનાવવા અસાધારણ ત્યાગ કરે છે સાચો જૈન સાધુ અહિંસા ને સંપુર્ણ પાળવા હર પ્રકારના ત્યાગ કરે જરૂર પડે પોતાના પ્રાણો પોતાના વ્રત પાળવા નિયોજીત કરે છે તેજ કારણથી સંસારમાં રહેતા

સંપૂર્ણ અહિંસાના પાલન કરે છે નીચે જૈન સાધ્વાચારના નિયમ લખાય છે.

૧ હિંસાથી બચવા જૈન સાધુ પોતે ભોજન પકાવતા નથી પોતાને માટે પકાવેલું લેતા નથી દેવાને લાવેલું ભોજન લેતા નથી ભિક્ષામાં અચિત, પ્રાક્ષુક અને નિર્દોષ આહાર પાણીનો સંયોગ મળે તો લે છે અન્યથા વગર આહાર પાણી સંતોષ કરે છે કોઈ સાધુ માટે ભોજનાદિ બનાવવા પહેલેથી કહે નહી કે કોને ત્યાં ગોચરી જવાના છે.

૨ જૈન સાધુ માધુ કરી વૃતિથી ભિક્ષા કરે છે એટલે કોઈને એક ને ભાર સ્વરૂપ નબને માટે થોડી થોડી અનેક ઘરોથી ભીક્ષા લે છે.

૩ કોઇ ભીખારી અથવા બીજો માગનાર કોઈના ઘર પર ભિક્ષા માંગતો હોય તો સાધુ ભિક્ષા માંગવા ત્યાં નહી જાય કેમકે તેમ કરવાથી બીજાને અંતરાય થાય.

૪. લીલોતરી, ફુલ, ઘાશ રાખથી ઢાંકેલી અગ્નિ પાણી વીગેરે પર થઈ સાધુ વિહાર કરે નહી

૫. જો કોઈ દુષ્ટ સાધુને મારવા આવે તો સાધુ પ્રત્યાક્રમણ કરે નહી સમભાવ પુર્વક તેને સમજાવે ન સમજે તો સમભાથી આક્રમણ સહન કરે અને વિચારે કે મારી આત્માનો નાશ કરી શકશે નહી

૬. સાધુ ખાનપાન, સ્વચ્છતા તથા મળ, વિસર્જન એવા નિયમોથી કરે જે નિમિત્તે કોઈ જંતુની ઉત્પતિ અથવા વિનાશ થાય નહી

૭ કોઈ કઠોર વચન સાંભળી જૈન સાધુ ચુપચાપ તેની ઉપેક્ષા કરે મનમા વિચાર કોઈ પ્રકારનો ન લાવે માર પડવાની પણ મનમાં દ્વેષ લાવવાની મના જૈન સાધુને છે તે અવસર પર પુર્ણ સહનશીલતા રાખવી સાધુનો આચાર છે.

એવીરીતે જૈન ધર્મમાં સર્વ નિયમોમાં અહિંસાને સ્થાન આપ્યું છે સાચા જૈન સાધુ સમ્યક પ્રકારથી તેનુ પાલન કરે તેરાપંથી સાધુ આ નિયમો યથા રુપ પાલે છે બીજાની ભાંતિએ સિથિલાચારી થઇ વ્રત ભંગ કરતા નથી

(૨) **મૃષવાદ વિરમાણુવ્રત :** આ વ્રત અનુસાર સાધુ પ્રતિજ્ઞા કરે છે કે કોઈ પ્રકારે મન, વચન, કાયાથી જુઠુ બોલીશ નહી, બોલાવીશ નહી, બોલતા પ્રત્યે અનુ-મોદન કરીશ નહી આ પ્રકારે અસત્ય ભાષણના ત્યાગ કરી સંપુર્ણ સત્ય વ્રતને અંગીકાર કરે છે સાધુને બો-લતી વખતે બહુ સાવધાની અને ઉપયોગથી કામ લેવુ પડે છે સત્ય હોવાથી સાધુ સાવદ્ય પાપયુક્ત કઠોર ભાષા નહી બોલે જે સત્ય ભાષણથી કોઈને કદાચ કષ્ટ વિપત્તિ આવે તેવુ સત્ય બોલવુ પણ સાધુને મનાઈ છે માટે તેરાપંથી સાધુ કોઇ પણ પક્ષ તરફથી અથવા તેની વીરૂદ્ધ લવાદ અથવા પંચાયતો **સરકાર દરબાર કોર્ટમાં સાક્ષી આપી શકતા નથી** કોઈ પણ હાલતમાં સંસારી કામમાં ભાગ લઇ શકતા નથી જે વાત સાધુ માટે હીતકારી ન હોય ત્યાં મૌન અંગીકાર કરે છે

૩. **અદત્તાદાન વિરમણ વ્રત :** આ વ્રતથી

ગામમાં જંગલમાં નાની અથવા મોટી કોઈ પણ ચીજ દીધા વગર ન લેવી, ન લેવરાવવી, લેતા હોય તેને અનુમોદન ન કરવાના સોગંદ છે આ વ્રતથી જૈન સાધુ માતા પીતા સ્વામી સ્ત્રી, બીજા સંબંધીની આજ્ઞાથી દીક્ષા લેવા તૈયાર હોય તેને દીક્ષા આપે છે આ વ્રત બીજા વ્રત માફક મન, વચન, કાયાથી ગ્રહણ કરવુ પડે છે.

૪. **મૈથુન વિરમણવ્રતઃ** આ વ્રતથી જૈન સાધુને પુર્ણ બ્રહ્મચર્ય મન, વચન, કાયાથી દેવ, તીર્જંચ, મનુષ્ય સંબંધી મૈથુન કરી શકે નહી, કરાવી શકે નહી, કરતાને ભલું જાણે નહી સ્ત્રી માત્રને સ્પર્સ કરે નહી પુરૂષ માત્રને સ્પર્સ સાધ્વિઓ કરે નહી જે મકાનમાં સાધ્વિઓ કે બીજી સ્ત્રીયો રહેતી હોય ત્યાં રાત્રે સાધુ રહી શકે નહી એકલી સ્ત્રી પણ દીવસમાં રહી શકે નહી.

૫. **અપરિગ્રહ વ્રતઃ** આ જૈન સાધુ ને ખેત્ર, વથુ એટલે બાંધેલી જમીન, ધન્ય, ધાન્ય, બે પગા, ચાર પાંગા હીરણ, સુવર્ણ કુવીયધાતુ મન વચન કાયાથી રાખી શકે નહી, રખાવી શકે નહી, રાખતાને અનુમોદન કરી શકે નહી ઉપરોક્ત પાંચ મહાવ્રતના પેરામાં છઠું **રાત્રિ ભોજન** ત્યાગ વ્રત પણ સાધુને પાલવું પડે છે આ વ્રત અનુસાર આહાર પાણી સુર્યાસ્ત થયા પછી કે સુર્યોદય થયા પહેલા મન વચન કાયાથો કરી શકતો નથી બીજાને આહાર પાણી કરાવી શકાતો નથી ને કરે તેને અનુમોદન કરી શકતા નથી આ છઠું વ્રત અહિંસા વ્રતનું અંગ છે.

(ખ) આ છઃ વ્રતો ઉપરાંત જૈન સાધુને નીચે મુજબ પાંચ સમિતિયો પાલવી પડે છે.

૧ ઈર્યા=આ સુમિતિ રસ્તામાં ચાલતા સાધુને યોગ પુર્વક આગળ માર્ગ જોવો પડે છે સાધુ રાતમાં મલમુત્ર ત્યાગ છોડી અથવા બીજા કામે અછાયામાં જઈ શકતા નથી.

ઢાકયા સ્થાનમાં વિશેષ યત્ન પુર્વક જયણા સાથ ચાલવું પડે છે ઉન્માર્ગ છોડી સીધે સરલ માર્ગ પર ચાલી શકે છે ચાલતા બહુ ઉપયોગ અને સંભાળ રાખવી પડે છે જેથી સુક્ષ્મથી સુક્ષ્મ પ્રાણીઓને ઈજા કષ્ટ પહોચે નહી ઉંચું આડુઅવળું જોતા રસ્તે ચાલતા વાત કરાય નહી.

૨. ભાષા=વિચાર પુર્વક, સત્ય, સરલ, નિર્દોષ અને ઉપયોગી વચન બોલવું પોતાના વચનથી કોઈને કષ્ટ ન પહોચે આ સમિતિનો ઉદ્દેશ કોઇને અવિશ્વાસ ઉત્પન્ન થાયનહી બીજા ગુસ્સે થાય બીજાનું અહિત થાય એવી ભાષા સાધુએ બોલવી નહી.

૩. એખણા=આહાર, પાણી, વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણ, બાજોટાદિ વસ્તુ લેવા પુર્વે સાવધાની કામ લેવું તેની ભીક્ષા કરી તેનો સ્વીકાર કરવો તેના ઉપયોગથી સંયમને કોઈ પ્રકારનો આઘાત ન પહોચે તેવી રીતે ઉપયોગ કરવો. નિર્દોષ પરિચિત ભિક્ષા અલ્પ કલ્પ અનુસાર ઉપકરણ વીગેરે ગ્રહણ કરવા કોઈ વસ્તુ ગ્રહણ કરવા પહેલા સાધુને આ વાતની પુરી તજવીજ કરવી પડે છે કે સાધુ માટે આ વસ્તુ ખરીદી નથી લાવ્યા કે બનાવી નથી.

૪. આદાનભંડ નિક્ષેપણુ=વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો ઉપયોગ પુર્વક ઉઠાવવા મુકવા કોઈ જીવને ઈજા કષ્ટ પહોંચાડવું નહી ચીજ ને સારી રીતે પુછી રાખવી ઉઠાવવી એ સાધુનું કર્તવ્ય છે.

૫. ઉચ્ચાદિ પ્રતિષ્ઠાપનઃ મલ, મુત્ર, સ્લેષ્મ અથવા બીજા પરિહાર્ય વસ્તુ કોઈ જીવને દુઃખ ન પહોંચે એવા સ્થાનમાં ઉપયોગ વિસર્જન કરવા જૈન સાધુ મલ, મુત્ર, સ્લેષ્મ જીવ ઉત્પન્ન કરનારી ત્યાજ વસ્તુ તથા ગંદગી, રોગાદિ ફેલાવવાવાળી, પરિહાર્ય ચિજોને જહાં તહાં ફેંકી શકતા નથી અપથ્ય આહાર, ન પહેરવા જેવા ફાટા કપડા અથવા બીજી વિસર્જન યોગ્ય ચીજો ને જીવ રહીત એકાંત સ્થાનમા ઉત્સર્ગ કરે છે.

(ગ) ત્રણ ગુપ્તિ મન, વચન, કાયા

મનઃ મનના દુષ્ટ વેપારો રોકવા સારંભ, સમારંભ, તથા આરંભ મન, વચન, કાયાથી રોકી શુધ્ધ ક્રીયામાં પ્રવતવુ.

વચનઃ વાણીના અશુભ વેપાર રોકવા અર્થાત સંયમવાણીનો કરવો.

કાયાઃ ખોટા કામથી રોકવુ એ દેહનો સંયમ

સમિતિ સાધુ જીવનની પ્રવૃતિઓને પાપરહીત બનાવે છે. અર્થાત અવશ્યક ક્રીયાઓ કરાવે છે. સાધુ સમિતિ પાલન કારણુ પાપના ભાગી થતા નથી ગુપ્તિ અશુભ વેપારથી નિવૃત કરવામાં સહાયતા કરે છે આવી

રીતે જૈન સાધુ જીવન સંપૂણુ સંયમી થાય છે એ એટલા વ્યવહાર કુશળ હોય છે કે સંયમી જીવનની બધી ક્રીયા કરતા સાવધાની ઉપયોગથી કરે કે પાપ કર્મ લાગે નહિ.

જૈન શ્વેતાંબર તેરાપંથી સાધુ એ નિયમ બરાબર પાળે છે સખત નિયમાદિ વખત વખત પર આચાર્યો એ બનાવ્યા છે તે પર પૂર્ણ ધ્યાન રાખી પોતાનો સંજમ નીભાવે છે.

જૈન શ્વેતાંબર તેરાપંથી કોઈ નવો મત સંપ્રદાય નથી પણ તે આદિ મુળ જૈન ધર્મ છે જૈન ધર્મ જે આદિ સ્વરૂપ હતો તે હજારો વર્ષોના પડોશી ધર્મોના સંસર્ગ અથવા પ્રભાવથી એટલો બદલાઈ ગયો હતો ભેળસેળ થયો હતો કે તેનું અસલ સ્વરૂપ લોકોને દેખાડાય છે ત્યારે જુદો નવો ધર્મ સમજી વિરોધ કરે છે પણ તે કંઈ આશ્ચર્યની વાત નથી જૈન ધર્મમાં સમય અને વાતાવરણુના પ્રભાવથી જે વિકાર થયો એ ધીરે ધીરે લોક એટલા અભ્યાશી થઈ ગયા કે જૈન ધર્મની અસલી અને વિકૃત રૂપમાં ભેદ કરવો મુશ્કેલ થઈ ગયો જ્યારે ધર્મ પોતાના ઉંચ સ્થાનથી પડવો શરૂ થયો ને પડોસીધર્મે જોર પકડયું તો કંઈક જૈન લેખક અથવા વ્યાખ્યા કારોએ જૈન સુત્રોના પાઠોના અર્થ બદલવા શરૂ કીધા અને તેના એવા અર્થ દુનીયા સામે રાખ્યા જે જૈન ધર્મથી વિપરીત છે તેના નવા સુત્ર રચ્યા નવા સુત્ર પત્થર પર કોતરાવવામાં આવ્યા બીજા ધર્મોના સિધાંતોથી મલતા હુતા આ પ્રકારે સેકડો વર્ષોથી ફેરફાર થાય એટલો

વિકાર આવ્યો જૈન ધર્મ અસલ સ્વરુપ અને પછી ઘણો અંતર પડી ગયો અનેક મહાત્માઓએ ધર્મધુરંધરોને જૈન ધર્મનું સત્ય સ્વરૂપ શોધવામાં પોતાના હાથ લગાવ્યા અને છેવટે સફળતા પણ મળી સંત ભીખણજી પણ તે મહાપુરુષોમાંના એક છે બધાની પછી થયા પણ અધિક મહેનત લીધી ને સફળતા મળી શ્વામી ભીખણજીનો મત નવો ધર્મ નથી પણ જૈન શાસ્ત્રોકત ધર્મ સનાતન સ્વરૂપમાં જે લોકો જાણતા ન હુતા અને તે જૈન ધર્મમાં અન્ય સંપ્રદાય છે જેના મુળ પ્રાચીન છે તેની સાથે ખાશ વાતો મતભેદ પડેછે થોડામાં આ મતભેદો બતાવે છે.

૧. **શ્રી તીર્થંકર ભગવાન ફેકત નિરવદ્ય કરણીની આજ્ઞા આપે છે સાવદ્ય કરણીની આજ્ઞા આપે નહી** નિરવદ્ય કરણીથી જીવ મોક્ષ પામે છે પણ સાવદ્ય કરણીથી નવા કર્મ બંધાય છે જીવની દુર્ગતિ થાય છે જે કર્મ રોકવા, કાપવાના કાર્ય છે તે કરવા ભગવાન આજ્ઞા આપે છે પણ બીજા સાવદ્ય પાપાસ્રવ લોકીક કામ તેમાં પ્રભુ જીનેશ્વર આજ્ઞા આપતા નથી તેરાપંથી સંપ્રદાય તેજ માને છે નિરવધ કામ અથવા ભગવાનના અનુમોદિત કામ કોઈ પણ મતાવલમ્બી કરે તેને આજ્ઞા છે જૈનના બીજા સંપ્રદાયવાળા જૈનેતરની શુદ્ધ કરણી આજ્ઞા બહાર માને છે.

બે કરણી સંસારમાં, સાવધ નિરવધ જાણ ।
નિરવધમાં જીણ આજ્ઞા તેથી પામે પદ નિર્વાણ ॥

સાવધ કરણી સંસારની, તેમાં જીન આજ્ઞા નહી હોય ।
કર્મ બંધે છે તેહથી, કર્મ ન જાણો કોય ॥
કર્મ રોકાય તે કરણીમાં આજ્ઞા,
કર્મ કટે તે કરણીમાં જાણુરે ।
આ બે કરણી વિના નવી આજ્ઞા,
ને સઘળી સાવધ પીછાણુરે ॥

જે જે કારજ જીન આજ્ઞા સહીત છે,
તે ઉપયોગ સહીત કરે કોયરે ॥
તે કારજ કરતાં ઘાટ હોવે જીવની,
તેનો સાધુને પાપ ન હોયરે ।
નદી માંહે તણાતી સાધ્વીને,
સાધુ રાખે હાથ સંભાવે ॥

તે માંહી પણ છે જીનજીની આજ્ઞા,
તેમાં કોણ પાપ બતાવે રે ॥
ઈર્યા સમિતિ ચાલતાં સાધુથી,
કદાચ જીવ તણી હોય ઘાત ।
તે જીવ મુવાનો પાપ સાધુને,
લાગી નહી અંશમાતરે ॥

જો ઈર્યા સમિતિ વીના સાધુ ચાલે,
કદા જીવ મરે નહી કોય ।
તો પણ સાધુ ને હિંસા છકાયની લાગે,
કર્મ તણો બંધ હોય રે ॥

જીવ મુવા ત્યાં પાપ ન લાગ્યો, ન મુવા ત્યાં લાગો પાપ।
જીવ આજ્ઞા સંભાળો જીણ આજ્ઞા જુવો, જીન આજ્ઞામાં
પાપ ન થાપોરે ॥

૨. તેરાપંથી સંપ્રદાય જ્યા તીર્થંકર ભગવાની આજ્ઞા ત્યાં ધર્મ અને જ્યાં વીતરાગ દેવની આજ્ઞા નહી ત્યાં અધર્મ માને છે.

જેમ આહાર સરખા ધર્મી સાધુઓને વહેચી આપવો ને ખાવું આજ્ઞામાં છે તે સાધુ માટે ધર્મ છે પરંતુ કોઇ સાધુ કોઈ દુષ્ટના આક્રમણ કરે તે વખતે તે સાધુની પક્ષ લઇ કોઈ પણ સાધુ માટે તે અત્યાચારી ને દંડ આપે, મારે વીગેરે બળપ્રકાશ કરે તે આજ્ઞા બહાર છે મના છે છે સાધુ એક શ્રાવકની વ્યાવચ કરે, કરાવે ને અનુમોદે તે પાપ છે કારણ કે પ્રભુ આજ્ઞા બહાર છે.

(૩) **પ્રભુએ જ્યાં મૌન રાખી ત્યાં પાપ ધર્મ પાપ મલે નહી** જ્યાં પ્રભુએ હા અને ના બંન્નેમાં પાપ સમજી ત્યાંજ મૌન ધારણ કરી છે દાખલા સ્વરૂપ કુવા ખોદાવવામાં કોઇ માણસ ભગવાને પુછે પ્રભુ કુવો ખોદાવવામાં મને પાપ થશે કે પુણ્ય પ્રભુએ આ પ્રશ્નનો કોઇ જવાબ આપ્યો નહી પણ મૌન ધારણ કર્યું અહીંયા કુવા ખોદાવવામાં જીવ હિંસા પુણ્ય કહે તો જુઠ લાગે ને પાપ કહે તો કુવો ખોદવતો બંધ થઇ જાય તો અંતરાય લાગે પાણી લોકો ન મળે તેથી અંતરાય કર્મ લાગે અને મોહનીય કર્મનો બંધ બીજો અંતરાયનો બંધ

માટે ભગવાન પ્રશ્નનો ઉત્તર ન આપે જૈનના કેટલીક સંપ્રદાયવાલા મૌનનો સમ્મતિના લક્ષણુ કહે છે પરંતુ વિચાર કરવાથી એવી માન્યતા ભ્રાન્ત માલમ પડશે નીતિ વિદ્વાને "મૌનં સમતિ લક્ષણુમાં" જરૂર બતલાવ્યું છે પરંતુ નિતી અને ધર્મમાં બહુ અંતર છે નિતીની માન્યતા અનુસાર હમે મૌન ભાવ સદા સર્વદાને માટે સમ્મતિકા લક્ષણુ પ્રમાણુ નહી કરી શકતા અને જૈન ધર્મ અનુસાર તો "મૌન"નો અર્થ સમ્મતિ કોઈ અંશમાં નથી.

૪. **વ્રતમાં ધર્મ અવ્રતમાં અધર્મ છે** જૈન ધર્મ બે ભેદ કરે છે એક અણુંવૃતિયા ગૃહસ્થ જીવનમાં રહી આત્મ કલ્યાણુ સાધન પ્રયાસ કરે બીજા મહાવ્રતી જે સર્વ વ્રતી સાધુ હોય છે આ બંને પ્રકારના સાધકોના આદર્શ સરખા હોય છે પરંતુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આત્મ કલ્યાણુ સાધનો બંને સમાન રૂપમાં કરી શકતા નથી શ્રાવક ગ્રહસ્થાશ્રમી છે પોતાના ગ્રહ આવશ્યકતાઓને કારણુ આ વ્રતોમાં અંશીક રૂપમાં જ સ્વીકાર કરે છે અથવા મર્યાદિત ધર્મનું પાલન કરે છે પરંતુ સાધુ સંપૂર્ણ રૂપથી આ વ્રતોમાં અંગીકાર કરે છે ગૃહસ્થ છુટ આગર રાખે છે સાધુ કોઈપણુ પ્રકારે છુટ આગાર રાખતા નથી શ્રાવક આગાર ધર્મીને સાધુ અણુગાર ધર્મી છે શ્રાવક જેટલા પ્રમાણુમાં વ્રત પાળે છે તેટલા અંશમાં ધર્મપક્ષનું સેવન થાય છે જેટલી છુટ રાખે તેટલો અધર્મ આગાર રાખતા થાય છે સાધુ સંપૂર્ણ અંશમાં આ વ્રતો સેવે છે તે ફકત ધર્મપક્ષના સેવનાર છે જૈન શ્વેતાંબર તેરાપંથ મત અનુસાર શ્રાવક જેટલો આગાર રાખે તેટલા પાપ થાય છે દાખલો

શ્રાવક સોગંદ કરે કે મીલ આઠ કલાક ચલાવીશ આઠ કલાક મીલ ચલાવવામાં પાપ જરૂર છે બાકી સોળ કલાક તે મીલ ચલાવી શકતો હતો પણ ત્યાગ કરે છે તે ધર્મ છે જો કોઈ દારૂડીયો સાધુ સમાગમના કારણથી દારૂનુ દુઃખદાયક પરિણામ સમજી ત્યાગ ભાવથી પોતાની ટેવથી સંપુર્ણ દારૂ પીવા છોડવા અસમર્થ હોય તે બેપ્યાલાથી વધારે દારૂ પીવાના ત્યાગ કરે તો બેપ્યાલાની દારૂનો દોષ લાગે વધારે પીવાના પચખાણ કર્યાં તે ધર્મ છે આગાર કમજોરીનું કારણ છે તે પાપ છે ત્યાગનો બરાબર અર્થ સમજ્યા વગર આગારને પણ ધર્મ માને છે આવી રીતે શ્રાવકનું ખાવું, પીવું, ચાલવું, ફરવું વીગેરે બધી અવ્રતની વાતોમાં કર્મ બંધાય છે. પરંતુ સાધુ અણાગારી હોવાથી તેને કોઈ પ્રકારનુ પાપ લાગતુ નથી જે સાધુ માફક સર્વવ્રતી નથી ને શ્રાવક માફક અણુવ્રતી નથી તે અસંયતી છે તેને પાપના રસ્તા ચારે બાજુથી ખુલ્લા છે જે જેટલા અંશમાં વ્રત અંગીકાર કરે છે તેટલા અંશમાં પાપકર્મથી બચે છે તેને નવા કર્મનો સંચાર તેટલા અંશમાં થતો નથી જેટલી વધારે છુટ આગાર રાખે છે તે પોતાની ઇચ્છાના કમ સંયમ છે તે તેટલા અધિક પાપોપાર્જન કરે છે કેટલાક જૈન નામધારી કહે છે કે શ્રાવકની છુટો માટે તેનાથી ધર્મ થાય છે ગૃહસ્થિક જીવનના નિર્વાહ માટે એ છુટોની જરૂર છે પણ તેરાપંથી એમાં પાપ કહે છે ભગવાને સાધુઓને જે છુટ આપી છે તે તેઓનુ સંયમી જીવનનુ અંગ છે

માટે ધર્મ છે શ્રાવકની છુટ તેની પોતાની બનાવેલી છુટ છે તે ગૃહસ્થિક જીવનનુ અંગ છે માટે અસંયમની વૃદ્ધિ પોષણ છે એટલે પાપ છે કેટલીક છુટ ધર્મના યથોચિત્ત પાલન માટે જરુરી છે બીજાની છુટ ગૃહસ્થીને વીશેષ લિપ્ત થવાને છે માટે બંનેમાં ઘણુ અંતર છે સાધુની છુટ ધર્મપોષક છે તેમાં સંયમ રક્ષાનો ગંભીર હેતુ રહ્યો છે શ્રાવકની છુટ સંયમ ધર્મની બાધક છે આત્મઘાતક છે જે જે ક્રીયાઓ સંયમી જીવનની બાધક છે તેનો ભગવાનનો પુર્ણ નીષેધ કર્યો છે શ્રાવકની છુટો પાપમાં છે બીજી સંપ્રદાયથી તેરાપંથીઓનો મત આ વિષયમાં જુદો પડે છે માટે ન્યાયથી સત્યા સત્યનો નીર્ણય કરવો.

જીવ જીવે તે દયા નહી,
મરે તેહો હિંસા નહી જાણુ ।
મારણવાલાને હિંસા કહી,
નહી મારે તે દયા ગુણ ખાનહો ॥

અનંતા જીવ દુનીયામાં જીવતા રહે છે તેથી દયા અનુકંપા નથી જીવ પોતાના આયુષ્યથી અથવા સ્વોપાર્જીત કર્મથી જીવે છે જ્યારે આયુષ્ય પુરૂ થશે ત્યારે કોઈની તાકાત નથી કે જીવતો રાખે માટે જીવ જીવે છે તેમાં કોઈનો અહેશાન નહી એવી જ રીતે અનંતા જીવ આયુષ્ય પુરુ થયે સ્વોપાર્જીત કર્મથી મરે છે તેની હિંસા નહી જીવવુ મરવુ આ સંસારમાં ચાલી રહ્યું

છે કોઈ માણુશ કોઇ જીવની ઘાત કરે ત્યારે તે ઘાત કરવાના નિમિત્ત અથવા સહાયકના કારણુથી તેને પાપ લાગે છે કોઈ જીવને સર્વથા પ્રકારે ન મારવાના ત્યાગ કરવા તે મોટી **દયા** છે અહિંસા ને ભગવાને પુરી દયા કહી છે જે માણુશ અહિંસાનુ વ્રત અંગીકાર કરે છે અને તેનું પુર્ણ પાલન કરે છે તેથી તે સંસારના સર્વ જીવોનો અભય દાતા છે જીવોને તેનાથી કોઈ પ્રકારનો ભય નહી મન, વચનને કાયામાં અહિંસાનું પાલન કરવુ, બીજા કોઇ જીવની હિંસા ન કરવી, બીજા પાશે કરાવવી નહી, કરે તેને અનુમોદન ન કરવું એ જ દયા છે અભયદાન એ સઉમાં મોટી દયા છે એથી વધારે દયાની કલ્પના થઈ શકતી નથી સર્વ જીવ સુખ ચાહે છે છે દુઃખ બધાને અપ્રિય છે મૃત્યુનો બધાને ભય છે માટે જ્યારે કોઈ ન મારવાની પ્રતિજ્ઞા કરે છે ત્યારે બધા જીવોનો ભય દૂર થઈ જાય છે પોતા તરફથી કોઈને ભય રહેતો નથી એથી વધારે કોઇ દયા નથી.

જૈન મત મુજબ બધી કાયના જીવ સરખા છે જૈન મત મુજબ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી કોઈ જીવમાં ફરક નથી એકના સુખના માટે બીજાને દુઃખ પહોંચાડવું તે જૈન દૃષ્ટિમાં પાપજનક છે સુખ બધા જીવ ચાહે છે માટે પંચેન્દ્રિયના સુખને માટે એકેન્દ્રિયની ઘાત કરવી, રાગદવેષ કરવો સારો નહી, માટે સાધુ સચિત વસ્તુઓને દાન આપવા ઉપદેશ કરતા નથી કરાવતા નથી. અને કરે તેનું અનુમોદન કરતા નથી જ્યા એક જીવ

બીજા જીવને ઝપટ રહયો છે ત્યાં સાધુ નિવિકાર ચિત્તથી તટસ્થ રહે છે તે એકને ડરાવી બીજાને બચાવવા કોશીશ કરતા નથી બીલાડી ઉંદર પર ઝપટ મારી રહી છે ત્યારે સાધુ બીલાડીને ડરાવી નશાડવાની કોશીશ કરે નહિ અને ઉંદર મરે તે પણ ચહાય નહિ એવા અવશરે સાધુ નિર્વિકાર ચિત્તથી ધ્યાનસ્થ બેસે ન્યાયની દૃષ્ટિથી એમ કરવું ઉચિત્ત છે એક જીવને જબરજસ્તીથી ભુખો રાખી બીજા જીવને બચાવવો ન્યાયની દૃષ્ટિથી બરાબર નથી એ તો એકને ઝપટ લગાવી બીજાનો ઉપદ્રવ દુર કીધો રાગ દ્વેષના કાર્યોથી સાધુ દુર રહે છે જ્યાં બે જીવમાં આપશમાં લડાઇ થાય ત્યાં સાધુ ધર્મનો ઉપદેશ દઈ કાર્ય કરે છે ધર્મનો ઉપદેશ આપે છે જબરજસ્તી કરતા નથી જ્યાં ઉપદેશ નહી દેવાય અથવા ઉપદેશની અસર લાગે નહી એમ લાગે ત્યાં સાધુ રાગદ્વેષરહિત મૌનધારણ કરે અથવા ત્યાંથી ઉઠી બીજી જગ્યા ચાલી જાય જૈન ધર્મ કોઈના દુર્ગુણ જબરજસ્તીથી છોડાવવા ચહાતો નથી સ્વામી શ્રી ભીખણજીએ કહ્યું છે કે—

મુલા, ગાજર ને કાચુ પાણી ભોગીના કોઇ ભોગજ રૂંધે
કોઇ જબરીથી લે ખોસીરે વળી પાડે અંતરાયો રે
જે કોઇ વસ્તુ છોડાવે વગર મન મહામોહની કર્મજ બાંધે
એ રીતે ધર્મ ન હોસી રે દશાશ્રુતખંધ મે બતવ્યો રે

લીલોતરી ખાવામાં અને સચિત્ત પાણી પીવામાં એકેન્દ્રિય જીવની હત્યા થાય છે પાપ છે પરંતુ કોઈ

લીલોતરી કંદમુળ ખાતા ને પાણી સચિત્ત પીતા જબર-જસ્તીથી છીનવી લેતો જૈન ધર્મની દૃષ્ટિએ ધર્મ નહી એમજ અહિંસાનો સિદ્ધાંત છે અહિંસા માને કે નહી પણ હિંસા પ્રેમિયોની હિંસા વગર મન બળજબરીથી છોડાવે તો એવી બળજબરી, બળપ્રયોગથી હૃદયનુ પરિવર્તન નહી વગર મન કોઈ કામ કરાવવામાં ધર્મ નહી એમ તો સંસાર હિંસામય છે જગહુજગહ હિંસા થઈ રહી છે તેને રોકવા સંભવ નથી.

માણુસ પોતે મન વચન કાયાથી અહિંસક છે તો તેની સામે હિંસા થાય તેનું પાપ તેને નહી હિંસા કરવાવાલાને કરાવવાવાલાને અનુમોદન કરવાવાલાને હિંસાનું પાપ લાગે છે જોવા વાલાને પાપ લાગતું નથી જોવા વાલાને પાપ લાગે તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત બળવાળા અરિહંત ભગવાન ત્રીકાલદર્શી કેવલ જ્ઞાનીને પાપ લાગવું જોઇયે સાધુ હિંસાના કામો જોઈ ચલચિત થતા નથી પરંતુ વીવેક પુર્વક તટસ્થા ધારણુ કરે છે બળનો પ્રયોગ કરી જીવ ઘાત રોકવામાં પાપ છે જૈન શાસ્ત્રોમાં કોઇ ભોગીના ભોગ જબરજસ્તીથી રોકે તે મહા મોહની કર્મ બંધાય એ ન્યાયથી સાધુ જીવમાત્રને પોતાનામાં લડાઇ, માર, પીટ વીગેરેમાં વચમાં પડે નહી ઉપદેશ દઇ સમજાવે, નહી તો તેનાથી નિવૃત રહે ન્યાયની દૃષ્ટિથી એજ ઉચિત્ત છે. પક્ષપાત રાગદ્વેષ બધા કર્મનું મુળ છે કેટલાક લોક આ વાતનું રહસ્ય સમજ્યા સીવાય બીજા ધર્મીઓના દેખાદેખ દયાના સ્વરૂપ બીજા બતલાવે છે.

આ પ્રકારે બળ અથવા જબરજસ્તીથી કામ લેવાથી જ્યાં રક્ષકને કોઈ લાભ થતો નથી ઉલ્ટો અંતરાય પાપ કર્મ લાગે છે ત્યાં આત્માનો કંઇ સુધારો થતો નથી વગર મન ધર્મ પાલન કરાવવાથી ધર્મ થતો નથી

(૬) **સુપાત્ર દાનથી ધર્મ થાય છે** કુપાત્ર દાનમાં સંસાર કીર્તિ થાય પુણ્ય નહી થાય જૈન શાસ્ત્રોમાં ઉપર બતાવ્યા પ્રમાણે દશદાન વર્ણવ્યા છે પરંતુ બધામાં ધર્મ સમજવો નહી ગ્રહ ઉપગ્રહાદિની શાંતિ માટે ધન્ય ધાન્ય અપાય છે તે પણ દાન છે લગ્ન વિવાહ અવસરે મોસાળુ, પહેરામણી, વીગેરે થાય છે તે પણ દાન છે પણ તેમાં ધર્મ નહિ, આપવાથી ફકત ધર્મ સમઝવો નહી દાનથી ધર્મનો લાભ કરવો હોય તો વિવેકથી આપવુ જોઇયે સુપાત્રને દાન આપવુ કુપાત્રને દાન આપવા એ ધર્મને બદલે પાપો પાર્જન કરવુ છે જે જીવ સર્વથા હિંસા કરતા નથી સર્વથા ઝુઠ બોલતા નથી સર્વથા ચોરી કરતા નથી સંપુર્ણ શીયલ પાળે છે અને કોઈ પણ કારણથી પરિગ્રહ રાખતા નથી પાંચ મહાવ્રત પાળે છે, પળાવે છે પાળે તેની અનુમોદના કરે છે ત્રણ કરણને ત્રણ જોગથી તેજ સુપાત્ર છે એવા સુપાત્રને દાન આપવું તેજ સુક્ષેત્રમાં બી રોપવા માફક ફળ આપનાર છે જેનામાં ગુણ નહી તે કદાપી સુપાત્ર નહી તેને દાન આપવામાં ધર્મનું કારણ થઈ શકતું નથી સંસારિક કર્તવ્ય હોય પણ સંસારીકથી ધાર્મીક લાભાલાભ જુદો છે.

દાન આપવામાં દયાનો ઉલંઘન ન થાય તે પુરો ખ્યાલ રાખવો જે દાનથી દયાનું ઉલંઘન થાય તે સાચું દાન નથી સ્વ. દાર્શનીક કવી શ્રીમદ રાયચંદ્રજીએ કહ્યું છે કેઃ—

સત્ય શીલને, સઘળાં દાન, દયા હોઇને રહ્યા પ્રમાણ ।
દયા નહી તો એ નહી એક, વગર સુર્ય કીરણ નહી દેખ ॥

અંત દયા નીરક્ષા કરતા દાન દેવું જોઈયે જે દાનમાં જીવોની હિંસા રહી હોય તે સંસારીક લોકીક દાન છે માટે સજીવ ધાન્યાદિકનું દાન સાધુ સ્વયં લે નહી લેવરાવે નહી એવા દાનની પ્રશંસા અથવા અનુમોદના કરે નહી ભગવાને સાવધ દાનના જગ્યા જગ્યા કડવા ફળ બતાવ્યા છે ને આત્મઘાતક બતલાવ્યા છે.

જે દાનથી આત્મિક કલ્યાણ અથવા ધર્મ પુણ્ય થવાનું બતલાવ્યુ છે તે દાન જુદા છે સાચા જૈન ધર્મના રહસ્યોને બતલાવી કોઇને સન્માર્ગ પર લાવવા તે સમ્યકીતી સાચા દર્શન માનવાવાળા તથા સતચરિત્રી બનાવવુ એજ ધર્મ દાન છે સાચા જૈન સાધુ મુનિરાજને તેઓના તપસ્વી જીવન લાયક શુદ્ધ કલ્પતી વસ્તુઓના દાન આપવા તે શુપાત્ર દાન છે તેનાથી નવા કર્મ આવતા રોકાય છે કર્મોની નિર્જરા થાય છે ધર્મ પુણ્યનો સંચાર થાય છે એવા દાન સંપુર્ણ નિર્વધ હોય તો ભગવાન પોતે એવા દાનની આજ્ઞા આપે છે જેમાં અસંયતિ જીવોનુ પોષણ થતુ હોય અથવા જેમાં અસંયતિ જીવોની

ઘાત થતી હોય અથવા બીજા પાપ વઢતા હોય તેવા દાન ધાર્મીક દૃષ્ટિથી સર્વદા અકારણીય છે સંસારિક દૃષ્ટિથી કોઈ કરે તેમાં કોઈ ના કહેતુ નથી.

તેરાપંથી સાધુઓની તપસ્યા

તેરાપંથી સાધુ બહુ ઉગ્ર તપસ્યા કરે છે શ્રી મુખાજી મહાસતીજી એ નીરંતર ૨૬૭ દીવસના ઉપવાસ કર્યા હતા આવી લાંબી તપસ્યા ઉકાળેલી છાશના ઉપરનું લીલું પાણી લીધું હતું. કોઈ સાધુએ પાકા પાણીથી ૧૦૮ની તપસ્યા કરી છે એક સાધ્વીએ ૨૨ ચોવીહાર ઉપવાસ કર્યા હતા.

તેરાપંથી સાધુના આચાર નિષ્ઠા તેઓનો સંપ નિયમાનુવતિતા તથા તપસ્યામય જીવન જે જોય છે તે સર્વ અનુમોદન કરે છે.

તેરાપંથી સંપ્રદાયના સાધુ સાધ્વિ ઘણી મહત્વપુણ તપસ્યાઓ કરે છે થોડા તપસ્યાના વર્ણન નીચે મુજબ છે. રાત્રે જૈન સાધુ સાધ્વિ કોઇ પણ ચીજ ખાતા નથી ઉપવાસનુ પારણું સુર્યોદય પછી કરે છે ઉપવાશના દીવસોમાં પાકુ પાણી, અથવા છાશ ઉપરનુ ઉકળેલુ પાણી લે છે બીજુ કંઈ નહી.

પહેલા બે આચાર્યોના શાશનમાં છ મહીના લગી નીરંતર તપસ્યા થઈ ન હતી ત્રીજા આચાર્ય મહારાજશ્રી રાયચંદ્રજીના શાશનમાં પહેલા પહેલા છ મહીનાના નિરંતર ઉપવાસ સ્વામી શ્રી પૃથ્વીરાજજી મહારાજે કીધા તેઓ મારવાડ જીલ્લાના બાજોલીયા ગ્રામના હતા તેઓની

દીક્ષા શં. ૧૮૬૬માં મહારાજશ્રી હેમરાજજીને હાથ પુજ્ય મહારાજા ધીરાજના હુકમથી થઈ હતી તેઓનો વીવાહ થયો હતો સ્ત્રી ત્યાગી દીક્ષા લીધી દીક્ષા લીધા પછી છ વર્ષોમાં વચમાં વચમાં ઉપવાશ કરતા હતા પણુ ૧૮૭૩થી દરેક ચોમાસામાં મોટી મોટી તપસ્યો કરવી શરૂ કરી તે નીચે મુજબ.

સંવત	ગામ	ઉપવાશ
૧૮૭૩	સિરિયારી	૪૦ દીવસ
૧૮૭૪	ગોગુંદા	૮૨ „
૧૮૭૫	પાલી	૮૩ „
૧૮૭૬	દેવગઢ	૧૦૬ „
૧૮૭૭	પુર	૧૨૦ „
૧૮૭૮	આમેટ	૯૯ „
૧૮૭૯	પુર	૧૦૦ „
૧૮૮૦	પાલી	૬૦ „
૧૮૮૧	પાલી	૭૫.૨૧ „
૧૮૮૨	પાલી	૧૦૧ „
૧૮૮૩	કાંકરેલી	૧૮૬ „

છેલ્લા ૧૮૬ દહાડા ઉપવાસ શં. ૧૮૮૩ના જેઠ વદમાં શરૂ કર્યા હતા પહેલા દહાડાના ઉપવાશમાં આચાર્ય શ્રી રાયચંદ્રજી મહારાજાની સામે છમાશ નીરંતર ઉપવાશ કરી લીધા બે સાધુએ બીજાએ પણુ ઉપવાશ છમાશના પચખ્યા તેના નામ શ્રી વર્ધમાનજી મહારાજ બીજા શ્રી હીરાલાલજી મહારાજ

આ લાંબી તપસ્યા પછી એક મહીનો રહી સ્વામી શ્રી પૃથ્વીરાજજી સ્વર્ગારોહણુ થઈ ગયા.

સ્વામી પૃથ્વીરાજજીના સમકાલીન શ્રી શિવજીના સ્વામી મહારાજ મોટા તપસ્વી હતા તે બાફના વંશના ઓશવાલ જન્મ મેવાડમાં લવ ગામ તેની તપસ્યા નીચે મુજબ.

ઉપવાશ	સંખ્યા	ઉપવાશ	સંખ્યા
		૧૪	૩
		૧૫	૩
૧	૪૧૪	૧૬	૨
		૩૦	૧૨
૨	૨૨	૩૨	૧
૩	૩૪	૩૫	૨
		૪૦	૧
૪	૮	૪૫	૬
૫	૧૧	૫૦	૨
૬	૭	૫૫	૧
૭	૩	૬૦	૫
૮	૬	૭૫	૨
૯	૩	૯૦	૧
૧૦	૩	૧૮૬	૧
૧૧	૩		
૧૨	૩		
૧૩	૨		

આ તપસ્વી સાધુનો દેહાવસાન શં. ૧૯૧૧ ચૈત્ર

સુદ ૭ આશરે સો વર્ષ પહેલા થયો હાલ તપસ્વીમાં શ્રી ચુનીલાલજી મહારાજ શ્રી રણુજીત મલજી મહારાજ શ્રી આશારામજી મહારાજ મુખ્ય હતા.

સ્વામી શ્રી ચુનીલાલજી મહારાજ સરદાર શહેરે બીકાનેર જીલ્લા નાયટા વંશના ઓશવાલ હતા શં. ૧૯૪૦ માં દીક્ષા થઈ શં. ૧૯૪૪થી એકાંતર ઉપવાસ કરવા માંડયા છ વર્ષ સુધી એક દીવસ પછી એક દિવસ અપવાશ કર્યા શં. ૧૯૫૦માં છઠ્ઠ તપસ્યા ચાલુ કરી બે દીવશ પછી પારણા કરતા વળી બે દીવસ ઉપવાશ એમ એક મહીનામાં દશ દીવસ આહાર કરતા બાકી વીશ દીવસ નીરંતર ઉપવાશ કરતા આવી તપસ્યા ૨૩ વર્ષ શં. ૧૯૭૨ સુધી કીધી પછી અઠ્ઠમ અઠ્ઠમ પારણા કરવા શરૂ કર્યા ત્રણ દહાડા ઉપવાશ પછી એક દીવસ આહાર કરતા એ તપસ્યા સાડાત્રણ વર્ષ કરી એ તપસ્યા સીવાય તેઓએ નીચે મુજબ તપસ્યા કરી હતી.

ઉપવાશ	સંખ્યા	ઉપવાશ	સંખ્યા
૧	૫૦૦	૧૦	૧
૨	૩૬	૧૧	૨
૩	૩૬	૧૨	૧
૪	૪૪	૧૩	૧
૫	૨૫	૧૪	૨
૬	૩	૧૫	૧
૭	૨	૧૬	૧
૮	૧	૧૭	૧
૯	૧	૧૮	૧

સ્વામી ચુનીલાલજી આ તપસ્યા ઉપરાંત "લઘુસિંહ" તપસ્યા કરી હતી તે લઘુસિંહ તપની ચાર શ્રેણી હોય છે દરેક શ્રેણીમાં ૧૮૭ દીવસમાં ૧૫૪ દીવસ ઉપવાશ ને ૩૩ દિવસ પારણા હોય છે પહેલી શ્રેણીમાં પારણામાં વીગય લે છે બીજી શ્રેણીમાં વીગય નહી લે ત્રીજી શ્રેણીમાં પારણામાં લેપપ્રયોગ કરે નહી.

લઘુસિંહ તપ ઘણો કઠણુ છે ઉપવાશ આરંભ કરી ૯ દીવસ નીરંતર ઉપવાશ કરવા પડે છે.

ઉપવાશ છઠ્ઠ અઠ્ઠમ પછી એક દીવસ પારણું કરે છે નિરંતર નવ દીવસ તપસ્યા કર્યા બાદ ક્રમવાર પાછા ઉતરવું પડે છે પાછા અપવાશ કરતા છેવટ એક ઉપવાશ આવે છે.

આ તપસ્યા ચાર વખત કરી તેઓ ઉગ્ર તપસ્વી હતા ત્રણ શ્રેણીયોનું વર્ણન ઉપર કર્યું ચોથી શ્રેણીમાં પારણામાં ફક્ત અડદના બાકલા લેવા પડે છે સ્વામી ચુની-લાલજી ત્રણ શ્રેણીની તપસ્યા પુરી કરી ચોથી શ્રેણી પુરી કરવા પહેલા દેહાંત થયો તેરાપંથીના એક સાધુ શ્રી હુલાશમલજી મહારાજ ચોથી, પહેલીને ત્રીજી શ્રેણી તક તપસ્યા પુરી કરી બીજી શ્રેણી શરૂ ન કરી શકયા પાંત્રીશ વર્ષ સાધુ જીવનમાં સાધુ ચુનીલાલજી આઠ હજાર દહાડા ઉપવાસ લગભગ બાવીશ વર્ષ તપસ્યા કરી.

હવે સ્વામી શ્રી રણજીતમલજી તથા શ્રી આશા

રામજીની તપસ્યાનું વર્ણન.

સ્વામી રણજીત મલજીનો જન્મ શં. ૧૯૧૮ મેવાડમાં પુર ગામમાં ચોથમલજી બનોલીયાના છોકરા હતા ચોથમલજીએ આચાર્ય શ્રી શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી મેઘરાજજી સ્વામીને હાથ દીક્ષા લીધી હતી શ્રી ચોથ મલજી પોતે ઉગ્ર તપસ્વી હતા તેઓએ સં. ૧૯૫૪માં છ મહીનાથી તપસ્યા કરી હતી શં. ૧૯૫૬માં સ્વર્ગ રોહણ થયા સાધુ શ્રી રણજીત મલજી બહુ તપસ્વી થયા શં. ૧૯૭૪થી કોઇ વખત લાગલાગત બે દહાડા આહાર કર્યો નથી તેઓ ઘણા વીનયવાન તપસ્વી હતા તેઓના અંતીમ ઉપવાસ નિરંતર ૬૦ દિવસના હતા શં. ૧૯૮૬ વરખે અષાઢ સુદ ૨ ને દહાડે પુજ્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી શ્રી કાલુ ગણીરાજ સરદાર શેહેર પધાર્યા તે વખતે શ્રી રણજીત મલજીએ પારણું કીધું હતું તે દહાડે આચાર્ય મહારાજ પાસે સંથારો કરવા આજ્ઞા માંગી પરંતુ પુજ્ય મહારાજે આજ્ઞા સંથારાની ન આપી નિરાશ થઈ સ્વામી શ્રી રણજીત મલજી તપસ્યા કરતા હતા જ્યારે અવસર જોતા ત્યારે સંથારાની આજ્ઞા માંગતા ભાદરવા સુદ ૨ ને દીવસે સાઠ દીવસમાં એકવીશ દહાડા પાણી ન લીધું ભાદરવા સુદ ૨ સવારે આશરે ૭ા વાગે સંથારાની આજ્ઞા આપી દોઢ કલાક પછી સ્વર્ગે સીધાવ્યા.

તેઓની તપસ્યા

ઉપવાસ	સંખ્યા	ઉપવાશ	સંખ્યા	ગામ
૧	૨૬૭૫	૨૧	૧	
૨	૩૭	૩૦	૧	
૩	૮	૩૧	૧૭	
૪	૧૧	૪૫	૧	
૫	૧૦	૪૭	૧	
૭	૨	૫૨	૧	
૮	૧	૬૦	૨	
૧૦	૧	૧૦૧	૧	ગોગુંદા
૧૧	૧	૧૮૨	૧	રાજનગર
૧૫	૧			

સાધુ શ્રી આશારામજી જન્મ મારવાડ રાજ્ય વાલોતરાના ઓશવાલ પીતા સુરજમલજી ભંડારી હુતા પરણેલા હુતા બળવાન આત્મા હોવાથી સંસારિક બંધન તોડી શં. ૧૯૭૦ વરખે શ્રાવણ સુદ ૭ ને દહાડે દીક્ષા લીધી.

તપસ્યાનું વર્ણન

ઉપવાશ	સંખ્યા	ઉપવાશ	સંખ્યા
૧	૧૩૬૭	૧૧	૨
૨	૬૩૦	૧૨	૩
૩	૧૧૧	૧૩	૧
૪	૧૪	૧૫	૧
૫	૨૫	૨૫	૧

ઉપવાશ	સંખ્યા	ઉપવાશ	સંખ્યા
૬	૨	૩૦	૧
૭	૨	૩૧	૨
૮	૩	૩૫	૧
૯	૧	૪૧	૧
૧૦	૧		

એ ઉપરાંત છ વર્ષ સુધી એકાંતર ઉપવાસ કર્યાં પાંચ વર્ષ છઠ્ઠ કર્યાં તો-તેર દીવસની તપસ્યા પુર્ણ કર્યા પછી શં. ૧૯૯૦ ચૈત્ર વદ ૭ ને દીવસે ચાડવાસમાં સ્વર્ગ-રોહુણ થયુ તપસ્યામાં ૫૯ દીવસમાં પાણી સીવાય બધી ચીજ ત્યાગી હુતી છેવટે સાત દીવસ ગરમ પાણીના પણ ત્યાગ કર્યા ગૃહુસ્થાશ્રમમાં ત્રીશ દીવસ તથા પરચુરણ તપ-સ્યા કરી હુતી.

આ તપસ્યાની મતલબ ફક્ત આત્મિક કલ્યાણ છે સામાજીક રાજ નૈતિક કારણોથી કંઈક ઉપવાસ કરે છે પણ જૈનતર જનતાએ જાણવું જોઈએ કે જૈનો ઉચા આશયથી ઉપવાસ કરે છે આત્મકલ્યાણ અને કર્મથી છુટવાને માટે ઉપવાશ કરે છે જીવાત્માનો કર્મ સાથ સંજોગ રહ્યો હોય છે તેથી આત્માને તેના અસલી રૂપમાં લાવવા કર્મ સંયોગ દુર કરવા તપસ્યા કરે છે જૈનો સાંસારિક, સામાજીક અથવા રાજ નૈતિક ઉદ્દેશ સફળ કરવા ઉપવાશ કરતા નથી જૈન સાસ્ત્ર મુજબ આત્માને આત્મિક કલ્યાણ વધારવા કર્મ દુર કરવા સિવાય કોઈ લાભ પહોંચાડતા નથી એવી તપસ્યામાં જે કષ્ટ ઉઠાવવો પડે છે તે વ્યર્થ નહી જતાં તેનો લાભ મળે છે.

એવી તપસ્યા ફક્ત સાધુઓજ કરતા નથી પણ શ્રાવક અને શ્રાવીકાઓ પણ કરે છે ચોમાસામાં જ્યા સાધુ સાધ્વિઓ ચોમાસા કરે છે ત્યાં શ્રાવક શ્રાવીકા ઘણા ઉમંગ અને મોટા આનંદથી મોટી દુઃસાધ્ય તપસ્યા કરે છે.

તેરાપંથી સાધુઓની નિયમાનુવર્તિતા તેરાપંથી સંપ્રદાયમાં નિયમ અને સંગઠન ઉપર પુરુ ધ્યાન અપાય છે સમસ્ત સાધુ સાધ્વિઓને નિર્દિષ્ટ નિયમોનું પાલન કરવું પડે છે સિથિલાચાર થઈ શકતો નથી સાધુનો ઉદ્દેશ આત્મકલ્યાણ છે તે સંયમયાત્રા નિર્વાહ માટે શાસ્ત્રોક્ત રીતીથી ચાલે છે તેરાપંથી સાધુ સાધ્વિ સમાજને તેના ગુણોથી વંદનીય પુજનીય છે કદાચ તેઓના ગુણોમાં ફરક ન પડે માટે સાધુ અને શ્રાવક બારીક નજર રાખે છે જેના પગમાં શ્રાવક માથુ નમાવે છે તે સાધુનો આદર્શ, ચરિત્ર, આચાર તેવા ઉચપદ લાયક રહે તેવી ભાવના હંમેશ રહે છે.

૧. સાધુ સાધ્વિ કોઈપણ ગૃહસ્થની સહાય લેતા નથી તેઓ પગે ચાલે છે કોઈ વાહન રાખતા નથી બોજ કોઈ પાસે ઉપડાવતા નથી પોતે પૈસા આપી અથવા બીજા પાસે અપાવી રેલ્વે મોટર વગેરે વાહનને ઉપયોગ કરવાના પરિગ્રહ ત્યાગ વ્રત અને અહિંસા વ્રતનો ભંગ સમજે છે ઇર્યા સમિતિનો બાધક જાણે છે એવા નાના પ્રકારના દોષ વાહનનો ઉપયોગ કરવામાં જાણે છે શ્રી તીર્થંકરદેવની આજ્ઞા નથી.

૨. તેરાપંથી સાધુ સાધ્વિ કોઈ ગૃહસ્થ પાશે પત્ર વહેવાર, પોસ્ટ, તાર, દુત, આદમી મારફત કરાવતા નથી પોસ્ટ, તાર, બલુન, વહાણુ અથવા બીજા સાધનો મારફત પોસ્ટ વીગેરે મોકલવો એ હિંસાજનક જાણે છે.

૩. તેરાપંથી સાધુ સાધ્વિ, રાજ્ય, કોર્ટ, લવાદી, પંચાયતી કોઈ પણ જગ્યાએ કોઇ પણ રીતીએ સાક્ષી આપતા નથી.

૪. તેરાપંથી સાધુ કોઈ ગામમાં સાધારણ રીતે એક માશથી વધારે રહેતા નથી ચોમાસામાં ચાર મહિના એક જગ્યા રહે છે જ્યાં એક માશ રહે ત્યાં બે મહીના ફરી આવી શકતા નથી જ્યાં ચોમાસુ કરે ત્યાં બે ચોમાસા રહી શકે નહી. પણ ગામાનું ગામ વીચરતા એવા ક્ષેત્રમાં એક રાત રહેવાની જૈન શાસ્ત્રોની આજ્ઞા છે અને તેજ મુજબ તેરાપંથી સાધુ કરે છે.

૫. તેરાપંથી સાધુ સાધ્વિ પુસ્તકાદિ ઉપકરણ જ્યાં જાય ત્યાં પોતે સાથે લઈ જાય છે ગૃહસ્થોને સોંપી જતા નથી જૈન સાસ્ત્રાનુસાર દરેક જૈન સાધુ પોતાના ઉપકરણ વસ્ત્ર, પાત્ર, કંબલ, પુસ્તકાદિની દરરોજ પડીલેહણ કરવી જોઈયે કોઈપણ ઉપકરણમાં કોઈપણ જીવની વીરાધના થવી ન જોઈયે જો સાધુ સાધ્વિ કોઇ ભંડાર અથવા ગોડાઉનમાં પુસ્તકાદિ મુકી જાય તો દરરોજ પડીલેહણ થઈ શકે નહી એ સિથિલતા શાસ્ત્ર મર્યાદાનું ઉલંઘન કરનાર છે.

૬. સાધુ સાધ્વિને પરિગ્રહ રાખવાની જૈન શાસ્ત્રોમાં મનાઈ છે. કાચ પત્થર પરિગ્રહ છે તેરાપંથી સાધુ સાધ્વિ

કોઈ પણ ચશ્મા (Spectacles) રાખતા નથી કોઇ પણ ધાતુ રાખતા નથી કપડા માટે પણ નિયમ છે સફેદ કપડા યથા પરિમાણ રાખે છે પોતાને માટે કોઇ પણ ખાવાની, પીવાની, વસ્તુ, વસ્ત્ર, પુસ્તક, કાગળ તૈયાર કરાવતા નથી વેચાતા લેવરાવતા નથી અથવા સાધુને ઠેકાણે લાવી આપે તે પણ પદાર્થ લેતા નથી.

૭. તેરાપંથી સાધુ સાધ્વિ માથાના વાળ, દાઢીમુછ અસ્તરાથી ઉતરાવતા નથી વરસમાં બે વખત પોતાના વાળનો લોચ કરવો પડે છે લોચનો પરિસહ બહુ કઠણ છે.

૮. તેરાપંથી સાધુ કોઇપણ તરાહના જોડા, મોજા, સ્લીપર, પાવડી વીગેરે કંઈ રાખતા નથી સખત ગરમીમાં ઉની રેતીમાં પહાડી જમીનમાં ભયાનક ઠંડીમાં જમીન ઉપર ખુલ્લા પગે વીચરે છે.

૯. તેરાપંથી સખાવતી હોસ્પીટાલની દવા લેતા નથી કોઈ શ્રધાલું વૈદ, ડોકટર પોતાની દવાઇઓમાંથી કોઈ દવા પોતાની ઈચ્છાથી દાન કરે તો લે છે જરૂર હોય તો ડાકટર પાસે હથીઆર માંગી લાવી સાધુ પોતે ઓપરેશન વઢાડકાપ કરે છે હોસ્પીટલમાં જઈ ઓપરેશન કરાવે નહી.

૧૦. તેરાપંથી સાધુ વીજળીના પંખા, હાથ પંખા, વીજળીની બત્તી, ફાનશની બત્તી કોઈ બીજા પ્રકારની રોશની, ચાંદણું, હવા લઇ શકે નહી ઠંડીના વખતમાં સગડી ઘરમાં રાખતા નથી નદી, કુવા, તળાવ વીગેરેના સચિત સજીવ પાણી લે નહી હિંસાવાળુ કોઈ કામ કરવું,

કરાવવું, કરે તેને અનુમોદવાની ત્રણ કારણને ત્રણ જોગથી જૈન સાસ્ત્રોની મનાઈ છે.

૧૧. કોઈપણ સામાજીક, રાજ નૈતિક, આર્થિક સાંસારિક અથવા કાનુની કોઈપણ વેપારમાં સાધુ સાધ્વિ ભાગ લે નહી નૈતિક એટલે આત્મઉન્નતિના કામમાં પોતાનો વખત ગાળે છે. કોઈ માણસ સાધુઓને કોઈ પ્રકારે કષ્ટ પહોંચાડે તો સાધુ તેની વીરુદ્ધ પોતાની રક્ષા માટે રાજ્ય દરબાર, થાણા, કચેરી પોલીશમાં ખબર આપી શકે નહી કોઈપણ કેશમાં શાક્ષી આપી શકે નહી અથવા બીજાથી કોઈ તરેહનો સહયોગ કરી શકે નહી.

૧૨. તેરાપંથી સાધુ સાધ્વિને કોઈ મઠ, મંદીરસ્થાન, અપાશરા સ્થાનક નથી ગૃહસ્થોના ઘરમાં રજાથી ઉતરે છે.

૧૩. તેરાપંથી સાધુ સાધ્વિ બધા ઉચ્ચ કુળના મહાજન સંપ્રદાયમાંથી દીક્ષા લીધેલી છે જીવન પર્યંત શ્રી આચાર્ય મહારાજની આજ્ઞાનુસાર ચાલવું પડે છે દરેક સાધુને મોટા સાધુની આજ્ઞા માનવી પડે છે નાનામોટા દીક્ષા પ્રયાય પ્રમાણે છે.

૧૪. માતાપિતા ગુરૂજન પતી પત્નિ એવા નજીકના સગાઓની લખીત આજ્ઞા સીવાય કોઇને તેરાપંથી સંપ્રદાયમાં દીક્ષા અપાતી નથી તીવ્ર વૈરાગ્ય, સંયમ નિર્વાહ સામર્થ્ય વીગેરે યોગ્યતા જોઈ દીક્ષા લેવાની દ્રઢ મન ઘણી અરજ કરવાથી આચાર્ય મહારાજ યોગ્ય દીક્ષાર્થીને લોકોની સામે દીક્ષા આપે છે. જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોથી

પરિચિત વૈરાગ્ય ભાવનાવાલા નવ વર્ષની ઉમરવાલાને દીક્ષા અપાય છે.

૧૫. ઉપરના નિયમ આચાર્યોની બનાવેલી મર્યાદા બધા સાધુ સાધ્વિઓને પાલવું પડે છે કોઇ નિયમ ભંગ કરે તેને આચાર્ય મહારાજ દંડ પ્રાયશ્ચિત આપે છે દંડ પ્રાયશ્ચિત સ્વીકાર ન કરે તેને સાથે રાખતા નથી આ નિયમ મુજબ ૫૫૩ સાધુ સાધ્વિ પંજાબથી દક્ષિણ સુધી કચ્છ ગુજરાત મધ્યપ્રાંત અને જુદા જુદા દેશોમાં એક આજ્ઞામાં એક શાશનમાં એક રીતીએ એક આચાર્યની આજ્ઞા મુજબ વીચરે છે.

તેરાપંથી સાધુ સાધ્વિઓ.

તેરાપંથી સંપદાયમાં હાલ શં. ૧૯૯૭ના વૈશાખ માશ સુધી ૧૫૧ સાધુ:૪૦૨ સાધ્વિ કુલ ૫૫૩ આશરે છે બધા સાધુ સાધ્વિ એક આચાર્યની આજ્ઞામાં છે જુદા જુદા ૮૧ શેહરોમાં તેઓના ચોમાશા થયા છે આ બધાને દરરોજના કામનો લખીત હીસાબ રોજનીશી આચાર્ય મહારાજને આપવો પડે છે પોતે ધર્મ ધ્યાનમાં વીચરે છે જીવોને આત્મ ઉન્નતિ ઉદ્ધારનો ધર્મોપદેશ આપવાનું તેઓનું કામ છે.

માહ મહોત્સવ

એ આચાર્યોની લાંબી નજરનું ફળ છે દરેક વર્ષે બધા સાધુ સાધ્વિઓના કાર્યકલાપ, આચાર વ્યવહાર, યોગ્યતા વીગેરે જોવા માટે ચોમાસુ ઉતર્યા પછી માહ મહીને આચાર્ય જ્યાં બીરાજતા હોય ત્યાં બધા સાધુ

સાધ્વિ આવી પુજ્ય મહારાજના દર્શન કરે છે એટલે સાધુ સાધ્વિની કોનફરન્સ ભરાય છે આચાર્ય મહારાજને પોત પોતાના ધર્મ પ્રચારકાર્યનો પરિચય આપે છે મહા સુદ ૭ ઉપર શરીર અશક્તાના કારણુ સિવાય અથવા દુર પ્રદેશમાં વીચરવા આચાર્ય મહારાજની આજ્ઞા હોવાથી સામેલ થવા અશકત હોય તે સિવાય બધા સાધુ સાધ્વિ દર્શન કરે છે તે દીવસે અથવા તે લગભગ ભાવી ચોમાસા માટે કયા કયા સાધુ સતિયોને કયા કયા ગામ ધર્મ પ્રચારાર્થે મોકલવા તે શ્રાવકોની અરજ ત્થા બીજી ઘણી બાબતોનો વીચાર કરી આચાર્ય મહા-રાજ ફરમાવે છે આ અવશરે ઘણા ગામના શ્રાવક શ્રાવીકાની કોનફરન્સ ઘણા વર્ષોથી ભરાય છે એકજ જગ્યાએ ઘણા સાધુ સાધ્વિઓના દર્શન માંહોમાંહે મેલાપ ઘણી વાતો પર વીચાર થાય છે. જ્યાં આજ ભાઈ ભાઈમાં લડાઈ પીતા પુત્રમાં દ્વેષ સ્વજન જ્ઞાતિમાં ટંટો ત્યાં જુદા જુદા દેશોના પરીવારના લોકો સાધુ સાધ્વિના એક આચાર્યની આજ્ઞામાં એક ભગવાન ભાષીત ધર્મની છત્રછાયામાં, મુક્તીની એક-માત્ર લક્ષ બનાવી જ્ઞાન દર્શન, ચારિત્રના આધાર પર દાનશીલ, તપ ને ભાવનાના બળથી આત્મોન્નતિ કરે છે. સાથે સાથે ભવ્ય જીવોને સદુપદેશ દઈ આચાર્ય મહારાજ તારે છે આ અવશર જરૂર જોવા જેવો છે પવિત્ર મૂર્તિ મહાત્માઓના દર્શનથી પાપ દૂર થાય મહાપુરૂષોની વાણી સાંભળી ભવ્ય જીવ કૃતાર્થ થાય ભરતક્ષેત્રમાં સંસારી જીવને તેરાપંથી સાધુ સાધ્વિ દેશને, સમાજને રાષ્ટ્રને ગૌરવરૂપ છે.

તેરાપંથી સાધુ સાધ્વિઓની.

આજકાલ વિદ્વાનોના સમાદર વીદ્યા સર્વત્ર છે શાસ્ત્રોના અધ્યન, અધ્યાપન, વ્યાખ્યાન વીગેરે માટે વિદ્યાની બહુ જરુર છે શ્રીશ્રીશ્રી ૧૦૮ શ્રીશ્રી તુલશી ગણી રાજના સમયમાં તેરાપંથી સંપ્રદાયમાં સારા સારા વીદ્વાન પંડીત મુનીરાજો છે નાની ઉમરમા પોતે સંસ્કૃત પાકૃત વીગેરેનો બહુ અભ્યાસ કર્યો છે ભકતામર અને કલ્યાણ મંદીર જેવા સ્તોત્રોની પાદપુર્તીરુપ કાલુ ભકતામર સ્તોત્ર અથવા કાલુ કલ્યાણ મંદીર વીગેરે કાવ્યો જોવા જેવા છે શ્રી પુજ્યજી મહારાજાધીરાજ સકલ ગુણનીધાન બાલ બ્રહ્મચારીની દેખરેખ નીચે સાધુઓએ સંસ્કૃત વ્યાકરણની રચના કરી છે તે અપુર્વ ગ્રંથ છે વૈજ્ઞાનીક શૈલીથી બધા વ્યાકરણનો સાર લઈ વ્યાકરણસુત્ર બનાવવું પુરુ પંડીતાઈનું કામ છે.

હમે બધા જૈન અથવા જૈનેતર વીદ્વાનોને દર્શનીક અથવા ધાર્મીક તત્વોના જીજ્ઞાસુ ને ખાશ કરી જૈન શાસ્ત્ર સાહીત્યના અનુસંધાન પ્રેમી સજ્જનોને વીનંતી કે જૈન શ્વેતાંબર તેરાપંથી સંપ્રદાયના આચાર્ય મહારાજ અને તેના સાધુ સાધ્વિ જેના બને તેના દર્શન કરો તેઓના સંયમ, ત્યાગ, વૈરાગ્ય તપસ્યા તપાસો જુઠી નીંદાનો ભરોશો કરો નહી.

લૌકીક અને લોકોત્તર કાર્ય સમજો.

જૈન ધર્મ સમજવા નીચેના વીશ પ્રશ્ન સમજવા જરૂરી છે.

૧ શ્રીમદ આચાર્યજી કરે
૨ શ્રીમદ ઉપાધ્યાયજી કરે
૩ શ્રીમદ સાધુજી કરે
૪ શ્રીમદ આચાર્યજી ન કરે
૫ શ્રીમદ ઉપાધ્યાયજી ન કરે
૬ શ્રીમદ સાધુજી ન કરે
૭ શ્રાવક સામાયકમાં કરે
૮ શ્રાવક પોષામાં કરે
૯ શ્રાવક ઉપધાનમાં કરે
૧૦ શ્રાવક સામાયકમાં ન કરે
૧૧ શ્રાવક પોષામાં ન કરે
૧૨ શ્રાવક ઉપધાનમાં ન કરે
૧૩ લૌકીક કાર્ય છે
૧૪ લોકોત્તર કાર્ય છે
૧૫ કરે તે કોણ
૧૬ ન કરે તે કોણ
૧૭ ધર્મ છે
૧૮ ધર્મ નથી
૧૯ વ્રતમાં છે
૨૦ અવ્રતમાં છે

પાંચસો મણ સચીત્ત ચણા, અડદ, જુવાર, મગ તૈયાર છે એક ખોબો જૈન સાધુ નાંખે તો પાંચસો મણ ગૌશાલા, પાંજરાપોળમાં નાખવા તૈયાર છે દયા, દાન બંન્ને માલમ પડશે વખત દહાડો, જગ્યા નક્કી કરી લખવા મહેરબાની કરશોજી.

